# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૩ * નવેમ્બર, ૨૦૨૨



ગુરુ તારો સાંભરશે સથવારો......

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ચતુર્થકાલમેં તો ઈસ ક્ષેત્રમેં દેવોંકા આગમન થા, ઉનકો દેખકર ધર્મકી રુચિ હોતી થી, ઔર નાના પ્રકારકી ઋદ્ધિયોંકે ધારી મહામુનિયોંકા અતિશય દેખકર જ્ઞાનકી પ્રાપ્તિ હોતી થી, તથા અન્ય જીવોંકો અવધિ-મનઃપર્યય-કેવલજ્ઞાનકી ઉત્પત્તિ દેખકર સમ્યક્ત્વકી સિદ્ધિ હોતી થી, જિનકે ચરણારવિંદોંકો બડે બડે મુકુટધારી રાજા નમસ્કાર કરતે થે ઐસે બડે બડે રાજાઓંકર સેવનીક ભરત, સગર, રામ, પાંડવાદિ અનેક ચક્રવર્તી બલભદ્ર નારાયણ તથા મંડલીક રાજાઓંકો જિનધર્મમેં લીન દેખકર ભવ્યજીવોંકો જિનધર્મકી રુચિ ઉપજતી થી, તબ પરમાત્મભાવનાકે લિયે વિદ્યમાન વિષયોંકા ત્યાગ કરતે થે. ઔર જબ તક ગૃહસ્થપનેમેં રહતે થે, તબ તક દાન-પૂજાદિ શુભ ક્રિયાયેં કરતે થે. ઈસલિયે પહલે સમયમેં તો જ્ઞાનોત્પત્તિકે અનેક કારણ થે, જ્ઞાન ઉત્પન્ન હોનેકા અચંભા નહીં થા. લેકિન અબ ઈસ પંચમકાલમેં ઈતની સામગ્રી નહીં હૈ. ઐસે કહા ભી હૈ કિ ઈસ પંચમકાલમેં દેવોંકા આગમન તો બંધ હો ગયા હૈ, ઔર કોઈ અતિશય નહીં દેખા જાતા. યહ કાલ ધર્મકે અતિશયસે રહિત હૈ, ઔર કેવલજ્ઞાનકી ઉત્પત્તિસે રહિત હૈ, તથા હલધર, ચક્રવર્તી આદિ શલાકાપુરુષોંસે રહિત હૈ, ઐસે દુઃષમકાલમેં જો ભવ્ય જીવ ધર્મકો ધારણ કરતે હૈં, યતિ શ્રાવકકે વ્રત આચરતે હૈં, યહ અચંભા હૈ. વે પુરુષ ધન્ય હૈં, સદા પ્રશંસા યોગ્ય હૈં.૧૯૬૧.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૩૯)

● હે જિનવાણી માતા ! તેરી કૃપા વિના શાસ્ત્રકો પઢતે વ સુનતે હુએ ભી તત્ત્વકા નિશ્ચય નહીં હોતા હૈ તબ ફિર તેરે આશ્રય બિના પુરુષમેં ભેદવિજ્ઞાન કૈસે હોગા ? જો તેરી સેવા નહીં કરતે ઉનકા જન્મ નિષ્ફલ હૈ. તૂ હી પવિત્ર જ્ઞાનજલકો રખનેવાલી નદીસ્વરૂપ હૈ, તૂ તીન લોકકે જીવોંકો શુદ્ધ કરનેકા કારણ હૈ ઔર તૂ હી નિશ્ચય આત્મતત્ત્વકે શ્રદ્ધાન કરનેવાલોંકો આત્માનંદરૂપી સમુદ્રકે બઢાનેકે લિયે ચંદ્રમાકે સમાન હૈ. ૧૯૬૪. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૧૧-૨૪)

● જબ તક મુજે મોક્ષકી પ્રાપ્તિ ન હો તબ તક મેરે ભગવાન જિનેન્દ્રદેવકે કહે હુએ શાસ્ત્રોંકા અભ્યાસ સદા બના રહે. તબ તક ભગવાન જિનેન્દ્રદેવકી સ્તુતિ કરતા રહૂં, તબ તક મૈં સદા વ્રતી પુરુષોંકી સંગતિમેં રહૂં, તબ તક મૈં શ્રેષ્ઠ વ્રતોંકે ગુણોંકી કથામેં હી સદા લીન રહૂં, કિસીકે દોષ કહતે સમય મેરે મૌન વ્રત હો, સર્વકે સાથ બોલતે હુએ મેરે મુખસે પ્રિય ઔર હિત કરનેવાલે વચન નિકલે ઔર મેરી ભાવના સદા આત્મતત્ત્વમેં બની રહે. હે પ્રભો ! તબ તક ભવ ભવમેં યે સબ બાતે મુજે પ્રાપ્ત હોતી રહે. ૧૯૬૫. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિભક્તિ, શ્લોક-૨)




વર્ષ–૧૭
અંક–૩

વિ. સંવત
૨૦૭૮

November
A.D. 2022

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર




# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**હે જ્ઞાનના ઇચ્છક શ્રોતા ! સાંભળ !**

## શુદ્ધ જીવ તો મિથ્યાત્વાદિનો અકર્તા છે

(શ્રી સમયસાર, કર્તાકર્મ અધિકાર, ગાથા-૧૦૯-૧૧૨ ઉપર પૂજ્યશ્રીના પ્રવચનમાંથી)

આચાર્ય મહારાજ કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ વ્યાપ્ય–વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય ચૈતન્યમૂર્તિ છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શ્રોતા શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જ જવાના છે. તેથી એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્ગલદ્રવ્ય કરે તો ભલે કરે ! તેમાં શુદ્ધ જીવને શું આવ્યું ?–એમ કહીને અહીં તો શુદ્ધજીવને નિરાળો સિદ્ધ કરવો છે.

પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.

પરમાગમ
શ્રી સમયસાર

પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે :–

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
–મિથ્યાત્વ ને અવિરણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
–મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.
જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ખરેખર પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલ દ્રવ્ય જ કર્તા છે તેના ચાર ભેદ છે : મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ. તેના ભેદ કરતાં તેર ગુણસ્થાનો તેના જ ભેદ છે. મિથ્યાદષ્ટિથી માંડીને સયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો પુદ્‌ગલકર્મના કારણે પડ્યા છે એમ કહીને શુદ્ધ જીવ દ્રવ્ય છે તે સિદ્ધ કરવો છે. તેથી જીવની અશુદ્ધ પર્યાયોને પુદ્‌ગલમાં નાખી દીધી છે. એ તેરે ગુણસ્થાનો અચેતન છે. મિથ્યાત્વ છે. એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે, તારો આત્મા છે એ તો શુદ્ધ જ છે. મિથ્યાત્વ આદિ ભેદો કર્મના વિપાકના ભેદ છે. સયોગી કેવળીનું ગુણસ્થાન છે તે અત્યંત અચેતન છે. મિથ્યાત્વથી માંડીને તેરે ગુણસ્થાનના અત્યંત અચેતન ભાવો વ્યાપ્ય-વ્યાપકપણે નવા કર્મને બાંધે તો ભલે બાંધે–એમ કહીને એકદમ તદ્દન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય લેવું છે. ચેતન સ્વભાવ અચેતન એવા તેર ગુણસ્થાનને ન કરે તો નવા કર્મને તો કેમ કરે ? ત્યારે કોણ કરે ?–કે અચેતન એવા જે તેર ગુણસ્થાનો નવા કર્મને બાંધે તો ભલે બાંધે, દ્રવ્ય છે એ તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એ તો ગુણસ્થાનમાં આવતો નથી તો એ નવા કર્મને કેમ કરે ?

જેને સ્વરૂપનું લક્ષ કરવું છે તેને ભલે મિથ્યાત્વભાવ હો પણ સ્વરૂપનું લક્ષ કરે છે તેમાં મિથ્યાત્વ પણ ટળી જાય છે ને કર્મ પણ ટળી જાય છે. પૂરણ વસ્તુમાં લક્ષ કરવાનો જ છે તેને આ તેર ગુણસ્થાનો નવા કર્મને થોડો કાળ કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું ? તેને તો ચૈતન્ય શુદ્ધ દ્રવ્યના લક્ષે મિથ્યાત્વાદિ ટળી જવાના છે. તેથી થોડો કાળ મિથ્યાત્વાદિ નવા કર્મને કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું ?

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું કે હે જ્ઞાનના ઈચ્છક જીવ ! સાંભળ ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો અચેતન છે, એ પુદ્‌ગલકર્મને કરો તો કરો, તેમાં જીવને શું આવ્યું ? દ્રવ્યસ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો કંદ છે અને તેર ગુણસ્થાન પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ હોવાથી અચેતન છે—એમ કહીને શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. જ્ઞાયક સહજ સ્વભાવભાવ એ તેર ગુણસ્થાનને શું કરે ? ને નવા કર્મને શું કરે ? હે જ્ઞાનના ઈચ્છક ! સાંભળ, સાંભળ, સાંભળ ! તેર ગુણસ્થાન છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે માટે અચેતન છે, તે થોડો કાળ નવા અચેતન કર્મને તો કરે, તેમાં જીવને શું છે ? આત્માને શું છે ? આત્માને શું સંબંધ છે ? ભગવાન તો ચિદાનંદઘન છે તેમાં ક્યાંય ઓછપ કે ઊણપ નથી. આહાહા ! અહીં તો સ્વભાવની સ્થિતિ સિદ્ધ કરવી છે કે ભગવાન તારો ચેતનસ્વભાવ છે ને તેર ગુણસ્થાનો અચેતનસ્વભાવ છે. અનાદિ અનંત જે દ્રવ્યસ્વભાવ છે તેને ગુણસ્થાન અડતા નથી.

શિષ્યે પૂછ્યું કે પુદ્‌ગલકર્મને જીવ કરે નહિ ત્યારે કર્તા કોણ છે ? તેને આચાર્યદેવે કહ્યું કે તારે સમજવું હોય તો હે જ્ઞાનના ઈચ્છક ! સાંભળ ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મનો પાક છે, એ આત્મા નથી. તેથી પુદ્‌ગલકર્મનો એ પાક તેર ગુણસ્થાન નવા કર્મને કરે તો કરો, તેમાં આત્માને શું છે ? મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાન અચેતન છે ને ભગવાન આત્મા શાશ્વત ચેતન વસ્તુ છે. એ ચેતનસ્વભાવ પુદ્‌ગલકર્મને કેમ કરે ?—એમ કહીને કહે છે કે ભાઈ ! તું સાંભળ, તને તારા ચેતન સ્વભાવનો વિશ્વાસ નથી, તેનો તું વિશ્વાસ કર.

ત્યારે શિષ્ય પૂછે છે કે જીવ પોતે જ મિથ્યાત્વાદિને વેદતો થકો મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે ને ? તેને આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ ! સાંભળ, તારો આ તર્ક અવિવેક છે. કેમ કે મિથ્યાત્વાદિને આત્મા વેદતો જ નથી. કારણ કે ભાવકભાવ્યભાવના અભાવને લીધે આત્મા મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી.

જેનો આત્મામાં અભાવ છે એવા મિથ્યાત્વાદિને ભગવાન આત્મા કેમ ભોગવે ? કેમ કે મિથ્યાત્વાદિ કર્મ-ભાવકનું ભાવ્ય છે, આત્માનું ભાવ્ય નથી. પ્રભુ તો શાશ્વત ચેતન હીરલો છે તે રાગાદિને કેમ વેદે ? આહાહા ! દ્રવ્યને નિરાળો સિદ્ધ કરે છે. કર્મ ભાવક ને મિથ્યાત્વાદિ તેનું ભાવ્ય એવા ભાવકભાવ્યનો જીવમાં અભાવ છે માટે તેને જીવ કેમ ભોગવે ?

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**

તેર ગુણસ્થાનો અચેતન છે તે નવા કર્મને બાંધે તો બાંધો, તેમાં જીવને શું ? આહાહા ! એકકોર (-એક તરફ) બધું પુદ્‌ગલમાં નાખી દીધું ને એકકોર નિરાળઓ ચેતન લીધો ! અહીં એવો જ જીવ લીધો છે કે જેના મિથ્યાત્વભાવ છે પણ આત્માની જિજ્ઞાસા થઈ છે, અને તેને મિથ્યાત્વ અલ્પકાળમાં ટળી જવાનું છે, તેથી મિથ્યાત્વાદિ અચેતનભાવો થોડો કાળ કરે તો કરો ?—જીવ તેનો કર્તા નથી. આહાહા ! સાંભળનારને દ્રવ્યનું લક્ષ કરાવીને કર્મને કોણ બાંધે છે એ સમજાવ્યું છે.

મિથ્યાત્વાદિનો જીવ ભોક્તા પણ નથી. દ્રવ્યસ્વભાવ છે એ ક્યાં રાગાદિને વેદે છે ? તું ત્યાં દ્રવ્યસ્વભાવમાં જા ને ! પ્રભુ પોતે મહાત્મા છે, મોટો આત્મા છે, તેનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ નિરાવરણ છે, તેને રાગાદિનો સંબંધ છે જ નહિ. એ ચેતનદ્રવ્યના હિસાબે આ તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મનો પાક છે, ચેતનનો પાક નથી. ચેતનનો પાક આનંદ છે, તે રાગાદિને કેમ ભોગવે ? તેર ગુણસ્થાનો નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય છે, તેને જીવ કેમ ભોગવે ?

સમ્યગ્દર્શન થયું નથી એવા જીવને આ સમજાવે છે. પ્રભુ, તું મહાપ્રભુ છો પણ એને ભૂલી ગયો ને આ કરું, આ કરું એમાં રોકાઈ ગયો, પણ ભાઈ ! તું રાગાદિનો કર્તા કે ભોક્તા પણ નથી. પુદ્‌ગલકર્મમય મિથ્યાત્વાદિનો તું ભોક્તા પણ નથી તો તું પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય ?

તેથી એમ ફલિત થયું કે પુદ્‌ગલમય તેર ગુણસ્થાનો જ કેવળ કર્મને કરે છે. ચૈતન્યહીરલો અચેતન ગુણસ્થાનમાં ક્યાંથી આવે ?—એ અચેતન વેદનમાં ક્યાંથી આવે ? ચૈતન્ય વસ્તુ મહાપ્રભુ મહાત્મા છે, મોટો આત્મા છે, તેમાં અચેતનપણું ક્યાંથી આવે કે એ અચેતનને કરે કે અચેતનને વેદે ? આહાહા ! મિથ્યાદૃષ્ટિને આ કહે છે, પણ ક્યાં મિથ્યાદૃષ્ટિને ?—કે મિથ્યાદૃષ્ટિ હોવા છતાં દ્રવ્યસ્વભાવનું લક્ષ કરવાનો જ છે એવા મિથ્યાદૃષ્ટિને કહ્યું છે.

તેર ગુણસ્થાનો અશુદ્ધ નિશ્ચયથી જીવની પર્યાય છે, અશુદ્ધ નિશ્ચયનય વ્યવહારમાં જાય છે ને વ્યવહારનો અહીં નિષેધ કરવો છે. તેર ગુણસ્થાનો અચેતન છે ને ભગવાન આત્મા ચેતનનું નૂરનું પૂર છે. તેથી એક બાજુ ભગવાન આત્મા ચેતન ને એક બાજુ તેર ગુણસ્થાનના ભાવો અચેતન છે. આહાહા ! એક કોર રામ ને એક કોર ગામ ! થોડામાં ઘણું ભરી દીધું છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિનો ભાવ આસ્રવ છે અને તે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

આ શુદ્ધભાવ–અધિકાર છે, તેમાં શુદ્ધ આત્માનું વર્ણન ચાલે છે. ઔદયિકાદિ ચાર ભાવો આત્માનો સ્વભાવ નથી, પણ તેનાથી પાર એવો પાંચમો પારિણામિકભાવ તે આત્મસ્વભાવ છે. ઔદયિકાદિ ચાર ભાવોના આશ્રયથી આત્મા મુક્તિ કરી શકતો નથી;–આ વાત ઝીણી એટલે કે અંતર્‌સ્વભાવદષ્ટિની છે. આત્માનો અંતર્‌સ્વભાવ જે ત્રિકાળ શુદ્ધ છે તેના આધારે મુક્તિ થાય છે. કર્મની અપેક્ષાએ આત્મામાં જે ચાર ભાવો થાય છે તે ક્ષણિક પર્યાયો છે, ત્રિકાળી સ્વરૂપ નથી. કર્મની અપેક્ષા વગરનું જે ત્રિકાળી સ્વરૂપ છે તે પારિણામિકભાવ છે.

અહીં પાંચ ભાવોના વિશેષ પ્રકારોનું વર્ણન ચાલે છે, તેમાં ઔપશમિક તથા ક્ષાયિક એ બે ભાવોના પ્રકારનું વર્ણન પુરું થયું છે. હવે ક્ષાયોપશમિકભાવના પ્રકારો વર્ણવે છે. ક્ષાયોપશમિકભાવના અઢાર પ્રકાર છે તે આ પ્રમાણે :—મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય એ ચાર જ્ઞાન, કુમતિ-કુશ્રુત-વિભંગ એ ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ-અવધિ એ ત્રણ દર્શન, કાળ-કરણ-ઉપદેશ-ઉપશમ-પ્રાયોગ્ય એ પાંચ લબ્ધિ તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ચારિત્ર અને સંયમાસંયમરૂપ પરિણતિ.

અહીં ક્ષાયોપશમિકભાવના પ્રકારોમાં પાંચ લબ્ધિનું વર્ણન આવ્યું છે. કાળલબ્ધિને ક્ષયોપશમલબ્ધિ પણ કહેવાય છે; ઉપશમલબ્ધિને વિશુદ્ધિલબ્ધિ પણ કહેવાય છે; અને ઉપદેશલબ્ધિને દેશનાલબ્ધિ પણ કહેવાય છે, તથા બાકીની બે પ્રાયોગ્યલબ્ધિ અને કરણલબ્ધિ છે. આ પાંચ પ્રકારની લબ્ધિમાં આત્માનો પુરુષાર્થ છે. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં ક્ષાયોપશમિકભાવના ભેદોનું વર્ણન કરતાં દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિઓને ગણવામાં આવી છે અને અહીં કાળ-વિશુદ્ધિ-દેશના-પ્રાયોગ્ય અને કરણ એ પાંચ લબ્ધિઓને ગણવામાં આવી છે. ઘણા અજ્ઞાનીઓ કાળલબ્ધિ વગેરેને કર્મ-આધીન માને છે. તેથી, કાળલબ્ધિ વગેરે કર્મોને આધીન નથી પણ જીવના ક્ષાયોપશમિકભાવરૂપ પુરુષાર્થથી થાય છે–એમ બતાવવા અહીં તેને ક્ષાયોપશમિકભાવના પ્રકારોમાં ગણાવેલ છે.

**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

**૧. કાળલબ્ધિ** :—જીવ પોતે સ્વભાવ તરફના પુરુષાર્થથી પોતાના નિર્મળપર્યાયરૂપ સ્વ-કાળની પ્રાપ્તિ કરે છે તેને કાળલબ્ધિ કહેવાય છે; સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરનાર જીવને સ્વભાવ સમજવા જેટલો જ્ઞાનનો ઉઘાડ હોય જ છે, તેને ક્ષયોપશમલબ્ધિ અર્થાત્ કાળલબ્ધિ કહેવાય છે. 'જ્યારે કાળ પાકશે ત્યારે મુક્તિ થશે, તેમાં જીવનો પુરુષાર્થ કામ આવે નહિ' એમ માનનાર મહા અજ્ઞાની છે, તે કદી મુક્તિનો પુરુષાર્થ કરી શકતો નથી. કાળલબ્ધિ પોતાના પુરુષાર્થ અનુસાર જ હોય છે. જો પોતે સવળો પુરુષાર્થ કરે તો સવળી જ કાળલબ્ધિ હોય અને ઊંધો પુરુષાર્થ કરે તો ઊંધી કાળલબ્ધિ હોય છે. કર્મો તો જુદી ચીજ છે, તેઓ કાંઈ આત્માની કાળલબ્ધિ કરતા નથી. જીવ પોતે પોતાના પુરુષાર્થથી કાળલબ્ધિ કરે છે.

પ્રશ્ન :—શાસ્ત્રોમાં પાંચ સમવાય કહેવામાં આવ્યા છે ને?

ઉત્તર :—પુરુષાર્થ, સ્વભાવ, નિયતિ, કાળ અને કર્મ એ પાંચ સમવાયકારણ કહેવાય છે, તે પાંચે કારણો પુરુષાર્થમાં એક સાથે આવી જાય છે; તે આ પ્રમાણે : પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી ને ઊંધી દૃષ્ટિ ટાળી તે પુરુષાર્થ—૧. તે વખતે સ્વભાવના આશ્રયે જે નિર્મળદશા પ્રગટી તે દશા સ્વભાવમાં હતી તે જ પ્રગટી છે, તેથી નિર્મળદશા પ્રગટી તે સ્વભાવ—૨. સ્વભાવની દૃષ્ટિ કરનાર જીવને સ્વભાવમાં તે સમયે જે દશા નિયત હતી તે જ દશા પ્રગટી છે તે નિયતિ—૩. પહેલા પર તરફ ઢળતો હતો ત્યારે ઊંધી દશા હતી, હવે સ્વભાવદૃષ્ટિના પુરુષાર્થથી જે નિર્મળદશા પ્રગટી તે સ્વ-કાળ—૪. જ્યારે જીવે પોતાના સ્વભાવનો આશ્રય કર્યો ત્યારે કર્મો તેની લાયકાતથી સ્વયં ટળી ગયા તે કર્મ—૫. આ રીતે સ્વભાવનો પુરુષાર્થ કરતાં જ્ઞાનીને મોક્ષના પાંચે સમવાય કારણો એક સમયમાં હોય છે. અજ્ઞાનીને એક સમયમાં ઊંધા પાંચ સમવાય હોય છે. આ રીતે પુરુષાર્થથી નિર્મળપર્યાયરૂપ સ્વકાળની પ્રાપ્તિ તે જ કાળલબ્ધિ છે. કાળ પાકે અને કર્મો ખસે તો સાચું સમજાય—એ અજ્ઞાનીની ખોટી વાત છે. જે જીવ પોતે સાચું સમજવા પ્રયત્ન કરે તે જીવને કાળ પાક્યો જ છે અને કર્મો પણ ખસી જાય છે. કર્મો અને વિકારથી જુદો, શુદ્ધ પરિપૂર્ણ આત્મસ્વભાવ જાણીને તેમાં જે ઠર્યો તેને મુક્તિનો કાળ ન પાકે એમ બને જ કેમ? અને તેને કર્મો ન ટળે એમ બને જ કેમ? માટે ધર્મ કરનાર જીવને, 'કર્મ પાકશે ત્યારે મુક્તિ થશે' એમ પર ઉપર જોવાનું રહેતું નથી, પણ પોતે સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ કરે ત્યાં પુરુષાર્થ અનુસાર કાળલબ્ધિ વગેરે બધું હોય જ છે. (ક્રમશઃ) ❊

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, ઈન્દ્રિય-મનસંબંધી જ્ઞાનની ક્રમથી પ્રવૃત્તિ કહી તો ત્યાં આશંકા થાય છે કે–ઈન્દ્રિયોનું જ્ઞાન એક કાળમાં છે કે નહિ? એ આશંકાને દૂર કરવા કહે છે :—

**एक्के काले एगं णाणं जीवस्स होदि उवजुत्तं ।**
**णाणाणाणाणि पुणो लद्धिसहावेण वुच्चंति ॥२६०॥**

અર્થ :—જીવને એક કાળમાં એક જ જ્ઞાન ઉપયુક્ત અર્થાત્ ઉપયોગની પ્રવૃત્તિ થાય છે; અને લબ્ધિસ્વભાવથી એક કાળમાં નાના જ્ઞાન કહ્યાં છે.

ભાવાર્થ :—ભાવઈન્દ્રિય બે પ્રકારની કહી છે : એક લબ્ધિરૂપ તથા બીજી ઉપયોગરૂપ. ત્યાં જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી આત્મામાં જાણવાની શક્તિ થાય તેને લબ્ધિ કહે છે અને તે તો પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા જાણવાની શક્તિ એક કાળમાં જ રહે છે, પરંતુ તેમાં ઉપયોગની વ્યક્તિરૂપ પ્રવૃત્તિ છે તે જ્ઞેય પ્રત્યે ઉપયુક્ત થાય છે ત્યારે એક કાળમાં એકથી જ થાય છે. એવી જ ક્ષયોપશમજ્ઞાનની યોગ્યતા છે.

ઈન્દ્રિય અને મનસંબંધી જ્ઞાનની પ્રવૃત્તિ ક્રમથી કહેવાણી છે તો અહીં શંકા એ છે કે ઈન્દ્રિયોનું જ્ઞાન એક કાળમાં છે કે નહિ ? આ શંકાનું સમાધાનરૂપ આ ગાથા છે.

દ્રવ્ય તો ત્રિકાળ છે; જ્ઞાનગુણ ત્રિકાળ છે અને તેની પર્યાયમાં છદ્મસ્થદશામાં લબ્ધિ અને ઉપયોગ–એવા બે પ્રકાર હોય છે. ત્યાં લબ્ધિમાં તો એક સાથે પાંચે ઈન્દ્રિયો તથા મનસંબંધીનું જ્ઞાન થાય છે પરંતુ તે જ્ઞાનનો ઉપયોગ એક કાળમાં એક જ ઈન્દ્રિય અથવા મનસંબંધીનો હોય છે કારણકે ક્ષાયોપશમિકજ્ઞાનનો એવો જ સ્વભાવ છે.

ક્ષાયોપશમિક જ્ઞાનની યોગ્યતા જ એવી છે કે લબ્ધિ ઘણી હોવા છતાં ઉપયોગ એક સમયમાં એકનો જ વિષય હોય છે. કોઈ આવરણના કારણે અથવા ઈન્દ્રિયોના કારણે તેની પર્યાય થઈ—એમ નથી, જીવ પોતે વિદ્યમાન છે, તેની પર્યાયની તેવી જ યોગ્યતા છે. તે દરેક સમયની જ્ઞાનની યોગ્યતા અનુસાર જાણવાનું કાર્ય કરે છે. જુઓ,

**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૧૭.**

અંધ મનુષ્યને આંખ ન હોવાથી તે સંબંધીનું જ્ઞાન થતું નથી એમ નથી. પણ જીવને જ્ઞાનની તે સમયની યોગ્યતા જ તેવી છે. જીવની યોગ્યતાપ્રમાણે જ્ઞાન હોય છે—એવી સ્વતંત્રતા જાણવાથી જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થઈ જાય છે.

જુઓ, તત્ત્વોમાં જીવતત્ત્વ શું છે? તેનો જ્ઞાનસ્વભાવ શું છે? તેની સમય-સમયની સ્વાધીન પર્યાય કેવી હોય છે? તેનું જેને ભાન નથી, તેને ધર્મ થતો નથી. જ્ઞાનનો ઉઘાડ ઘણો હોવાથી વેપારમાં ઉપયોગ થોડો હોય—એવો જ ક્ષાયોપશમિક જ્ઞાનનો સ્વભાવ છે. ક્ષાયોપશમિક જ્ઞાનમાં જેટલો વિકાસ હોય, તેટલો સમસ્ત ઉપયોગ કદી હોતો નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોમાં જ્ઞાનની જેટલી-જેટલી યોગ્યતા છે, તેટલો જ ઉપયોગ હોય છે, તેમાં પર્યાયની સ્વતંત્રતા છે—એવી સ્વતંત્રતાને સમજીને પરનું અવલંબન છોડીને, જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવું તે જ ધર્મ છે.

હવે, વસ્તુને અનેકાત્મપણું છે તો પણ અપેક્ષાથી એકાત્મપણું પણ છે એમ કહે છે :—

**जं वत्थु अणेयंतं एयंतं तं पि होदि सविपेक्खं।**
**सुयणाणेण णएहिं य णिरवेक्खं दीसदे णेव ॥२६१॥**

અર્થ :—જે વસ્તુ અનેકાન્ત છે તે અપેક્ષાસહિત એકાન્ત પણ છે. ત્યાં શ્રુતજ્ઞાનપ્રમાણથી સાધવામાં આવે તો વસ્તુ અનેકાન્ત જ છે તથા શ્રુતજ્ઞાનપ્રમાણના અંશરૂપ નયથી સાધવામાં આવે તો વસ્તુ એકાન્ત પણ છે અને તે અપેક્ષારહિત નથી. કારણ કે, નિરપેક્ષ નય મિથ્યા છે અર્થાત્ નિરપેક્ષતાથી વસ્તુનું સ્વરૂપ જોવામાં આવતું નથી.

ભાવાર્થ :—વસ્તુના સર્વ ધર્મોને એક કાળમાં સાધે તે પ્રમાણ છે તથા તેના એક એક ધર્મોને જ ગ્રહણ કરે તે નય છે. તેથી એક નય બીજા નયની સાપેક્ષતા હોય તો વસ્તુ સાધી શકાય પણ અપેક્ષારહિત નય વસ્તુને સાધતો નથી. એટલા માટે અપેક્ષાથી વસ્તુ અનેકાન્ત પણ છે, એમ જાણવું એ જ સમ્યક્જ્ઞાન છે.

જુઓ, આ લોકભાવનાનો અધિકાર ચાલી રહ્યો છે. સમ્યગ્દૃષ્ટિને જ યથાર્થ ભાવના હોય છે. હું ત્રિકાળ શુદ્ધજ્ઞાનાનંદસ્વભાવી છું; વર્તમાન પર્યાયમાં મલિનતાનો અંશ જેટલો પણ હું નથી—એવા ધ્રુવસ્વભાવની દૃષ્ટિપૂર્વક, આ વૈરાગ્ય ભાવનાઓને ભાવવાથી સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે. ધર્મી જીવ લોકના સ્વરૂપનું ચિંતવન કરતો થકો કેવો વિચાર કરે છે? તે અહીં કહે છે.

**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,**
**ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.**

જેણે પ્રમાણજ્ઞાનથી અનેકાન્તરૂપ આત્માને જાણ્યો છે, તેની આ વાત છે. ત્રિકાળ શુદ્ધ અને વર્તમાન અશુદ્ધતા; આ પ્રમાણે બંને પ્રકારે જાણવું અનેકાંત છે. જગતના સમસ્ત પદાર્થોને પ્રમાણથી જોતા તે અનેકાન્તરૂપ છે એટલે કે નિત્ય પણ છે અને અનિત્ય પણ છે અને તે જ પદાર્થને એક નયથી જોતાં તે સમ્યક્ એકાંતરૂપ પણ દેખાય છે. જેમકે ધ્રુવની અપેક્ષાએ તો નિત્યતા જ છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્યતા જ છે. વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય બંને એક સાથે જ છે, નિત્યતા અને અનિત્યતા એક જ સાથે છે; તેમાં નિત્યતા અથવા અનિત્યતા આદિને કોઈ એક નયથી જોતા પરવસ્તુ તે એક ધર્મસ્વરૂપ લક્ષમાં આવે છે. તે અપેક્ષાએ વસ્તુ એકાન્તરૂપ પણ છે. પ્રમાણનો વિષય તો અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે અને નયનો વિષય એક-એક ધર્મ છે.

વસ્તુનું સ્વરૂપને જેવું છે તેવું જાણવું તે સાચું જ્ઞાન છે, માટે તે સત્ય છે અને સત્ય સુખદાયક હોય છે. વસ્તુના સ્વરૂપને વિપરીત માનવું અસત્ય છે અને તે દુ:ખદાયક છે.

નિત્યપણું અને અનિત્યપણું, એકપણું અને અનેકપણું—એમ ધર્મ, વસ્તુમાં એકસાથે છે. અનિત્ય પર્યાય હોય છે, તે કોઈ પરને કારણે નથી પણ વસ્તુમાં જ અનિત્ય ધર્મ છે. શરીરમાં રોગ થયો, તે પરમાણુઓની પર્યાયનો ધર્મ છે. બીજો કોઈ તેનો કર્તા નથી. નિત્યતા ધર્મની અપેક્ષાએ જોતા વસ્તુ નિત્ય ભાસે છે અને અનિત્ય ધર્મની અપેક્ષાએ વસ્તુને દેખતા વસ્તુ અનિત્ય દેખાય છે પરંતુ કોઈપણ નયથી એક ધર્મને જોતા સમયે અન્ય અનંત ધર્મોની પ્રતીતિ સાથે જ છે કારણ કે નય પ્રમાણપૂર્વક હોય છે.

પ્રમાણથી સંપૂર્ણ વસ્તુને જાણ્યા વિના, એક ધર્મનું જ્ઞાન પણ સાચું થતું નથી. જો અન્ય ધર્મોની અપેક્ષા વગર એકાંતથી એક જ ધર્મને માનવામાં આવે તો તે મિથ્યાએકાંત છે. આત્મા, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે પરંતુ આત્મા સર્વથા અનિત્ય જ છે—એમ નથી અપેક્ષારહિત નય સાચા નથી. જેમકે આત્મા નિત્ય છે તો તે કઈ અપેક્ષાએ ? પોતાના ધ્રુવપણાની અપેક્ષાએ નિત્યપણું છે. પોતાના કોઈપણ ધર્મની અપેક્ષાએ નિત્યપણું છે અને અન્ય કોઈ ધર્મની અપેક્ષાએ અનિત્યપણું છે. પરંતુ અપેક્ષા રહિત સર્વથા નિત્ય જ કહી દેવું અથવા અનિત્ય જ કહી દેવું મિથ્યાનય છે. (ક્રમશઃ) ❋

**સ્વયમેવ પુદ્ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.**

## શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૨, ગાથા - ૨૨)

### પોતાના પરમાત્મામાં એકાગ્રતા કરવી તે મુક્તિનો માર્ગ છે

આ જીવે કદી સ્વલક્ષ કર્યું નથી. એકલી પરલક્ષી વાતો કરી અને અનંતવાર શુભ અશુભ ભાવો કર્યા છે અને તેમાં જ એકાગ્રતા કરી છે. અનંતકાળમાં ક્યારેય પોતાના આત્મામાં એકાગ્રતા કરી નથી.

હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા વીતરાગી સંત શ્રી પૂજ્યપાદસ્વામીએ આ ઈષ્ટ ઉપદેશની રચના કરી છે. શિષ્ય પૂછે છે પ્રભુ! અમારૂં હિત કેમ થાય? અમને આત્માની ભાવના કેમ થાય? શુભાશુભભાવની ભાવનાથી છૂટીને આત્માની ભાવના કેમ કરવી? તેને કહે કે ભૂત-વર્તમાન અને ભાવિ પર્યાયમાં જે સદાય વર્તી રહ્યું છે તે તારું આત્મદ્રવ્ય છે તેમાં એકાગ્રતા કરવી તે-મનની આત્મામાં એકાગ્રતા કરવી તે હિતનો ઉપાય છે.

મનને આત્મામાં એકાગ્ર કરી, જ્ઞાનમાં આત્માને પકડવો અને દૃષ્ટિમાં આત્મા ગ્રહણ કરવો તે સમ્યગ્દર્શન-જ્ઞાનનો ઉપાય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ કથિત શાસ્ત્રોમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેનું અવલંબન લેવું. અન્ય રાગી-દ્વેષી દેવોના કહેલા શાસ્ત્રનું અવલંબન ન લેવું. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલું આત્માનું સ્વરૂપ ૨૧મી ગાથામાં આવી ગયું કે આત્મા અનંતજ્ઞાન આદિ અનંત ગુણસ્વરૂપ છે, શરીર પ્રમાણ છે, અસંખ્યાત પ્રદેશી છે અને સ્વસંવેદનગમ્ય છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબન વિના માત્ર પોતાની કલ્પનાથી આત્માનું સ્વરૂપ નક્કી કરીને જ્ઞાનમાં આત્મા ગ્રહણ થાય તેમ નથી. જેમ માલ લેવા જાય છે ત્યાં પહેલા માલનો ભાવ પૂછે. બરાબર વજન કરે પછી માલનું ગ્રહણ કરે. તેમ જેણે આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવો છે તેણે પહેલાં શાસ્ત્રથી, નય -નિક્ષેપ-પ્રમાણથી આત્માનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. સમજ્યા પછી આત્માનો અનુભવ થાય. જેને પોતાનું હિત કરવું છે તેને પ્રથમ એટલો નિર્ણય તો હોવો જોઈએ કે અનંતકાળમાં કદી મારું હિત થયું નથી, અને અનંતકાળમાં હું બધું કરી ચૂક્યો છું. એક માત્ર જ્ઞાન અને રાગનું

**પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.**

ભેદજ્ઞાન કર્યું નથી માટે જ હું દુઃખી છું. તેથી તે જ દેવ-શાસ્ત્ર-ગુરુ સાચાં છે કે જે રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનથી સુખ થવાની વિધિ કહેતાં હોય. રાગની ક્રિયા અને સ્વભાવની એકતા બતાવે તે વીતરાગી ઉપદેશ નથી.

શાસ્ત્ર એમ કહે છે કે શુભાશુભભાવથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપમાં એકત્વ કર! શુભાશુભભાવની એકતા છોડી દે. જીવ પોતે જ પરમેશ્વર છે તેમાં એકાગ્રતા કરવાથી પર્યાયમાં પરમેશ્વરદશા પ્રગટ થાય છે. ભગવાન કહે છે કે તું મારામાં મન એકાગ્ર ન કર, કેમકે હું પણ તારા માટે પરદ્રવ્ય છું. તું તારા સ્વરૂપમાં જ મનને એકાગ્ર કર, જેથી પર્યાયમાં સ્વરૂપ પ્રગટ થાય અને તારું હિત થાય.

ભગવાન આત્મા આનંદ અને બેહદ જ્ઞાન સ્વરૂપે બિરાજમાન છે તેની ભાવના કર! તેમાં એકાગ્રતા કર! અન્ય વિકલ્પની ચિંતા છોડી દે અને સ્વસંવેદન વડે આત્માનો અનુભવ કર! સ્વસંવેદન જ સ્વભાવનું સાધન છે. અન્ય વિકલ્પ રાગ, પુણ્ય કે નિમિત્તાદિ સ્વભાવના સાધન નથી. આવી વાત સમજવી જીવને અઘરી લાગે છે તેથી બીજે સાધન શોધવા જાય છે પણ ક્યાંય સાચું સાધન મળતું નથી.

'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' ભગવાનનો માર્ગ એકજ હોય, બે ત્રણ ન હોય. લોકોને આ સમજવું અઘરું લાગે તેથી બીજો રસ્તો શોધવા જાય પણ બીજો કોઈ મોક્ષમાર્ગ છે જ નહિ. રાગની ઉપેક્ષા કરીને અંતર સ્વભાવની અપેક્ષા કરવી એ એક જ હિતનો માર્ગ છે. ભાઈ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો. તારા હિતના માર્ગે તું એકલો જઈ શકે છે, તારો માર્ગ તારાથી અજાણ્યો નથી. મુક્તિમાં તું એકલો જઈ શકે છે. અત્યાર સુધીમાં જે જીવો મોક્ષમાં ગયા તે બધા પોતાના સ્વસંવેદનથી આત્માને જાણીને એકલા જ મોક્ષમાં ગયા છે.

અનંતકાળથી જીવે આંધળી દોટ મૂકી છે. મુઠ્ઠી વાળીને દોડ્યો છે. એ માને છે કે હું મારા હિતના રસ્તે દોડી રહ્યો છું પણ ખરેખર હિતથી દૂર જઈ રહ્યો છે. ઊંધો પડેલો જીવ પણ સ્વતંત્ર છે. પણ બાપુ! તારામાં શું અપૂર્ણતા છે કે જેથી તું તારી સમીપ આવતો નથી? અને પુણ્ય-પાપ અને નિમિત્તાદિમાં શું તારું હિત પડ્યું છે કે તું તેનો પ્રેમ છોડતો નથી?

ભગવાન સર્વજ્ઞદેવે એક સમયની પર્યાયમાં બધા દ્રવ્યોને જાણીને જે વાત કહી

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.**

અને જેમાંથી શાસ્ત્રો રચાયા તે શાસ્ત્રનો સ્વાધ્યાય કરીને પહેલાં વસ્તુનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. અનંતા પરમેશ્વરોની દિવ્યધ્વનિમાં જે વાત આવી તે જ દિગંબર સંતો લખી ગયા છે. તેમાંથી આત્મા કેવડો છે ? કેટલા ક્ષેત્રમાં રહેલો છે ? કેટલા ગુણવાળો છે, એક-એક ગુણમાં કેટલું સામર્થ્ય છે, આ બધું વિકલ્પ દ્વારા પણ પ્રથમ જાણીને નક્કી કરવું જોઈએ. તેના નિર્ણય વગર અન્યમતમાં ખેંચાય તો આત્મા હાથમાં નહિ આવે.

આ ઈષ્ટોપદેશના રચયિતા શ્રી પૂજ્યપાદસ્વામીએ સમાધિશતકમાં કહ્યું છે કે ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયો તરફના વિકલ્પો પણ છે અને ઈન્દ્રિયાતીત ભગવાન અતીન્દ્રિય આત્મા પણ છે. તેનો પ્રથમ સ્વીકાર કરજે. જ્યાંથી રુચિ હટાવીને જ્યાં લઈ જવી છે તે બંને પદાર્થોને જાણવા જરૂરી છે. આ આત્મા ''अपनेको आप भूलके हैरान हो गया।'' પોતે જ પોતાને ભૂલીને ચાર ગતિમાં ભ્રમણ કર્યું છે. પોતાના જ ઊંધા પુરુષાર્થથી ઈન્દ્રિય અને ઈન્દ્રિયવિષયોનો પ્રેમ કરીને દુઃખી થાય છે અને પોતાના જ સવળા પુરુષાર્થથી સ્વભાવની રુચિ કરીને સુખી થઈ શકે છે.

શ્રી પૂજ્યપાદસ્વામી પોતાની વાત કરે છે કે મેં પરમ જ્ઞાન-આનંદ-સ્વરૂપ નિજ-આત્માને મારા જ સ્વસંવેદન વડે પ્રાપ્ત કર્યો છે, તેમાં મેં રાગ, વ્યવહાર કે નિમિત્તાદિ અન્ય સાધનોની સહાય લીધી નથી.

આ તો બધી જૈનદર્શનની માખણની વાત છે. મુદ્દાની રકમ છે. ભાઈ ! તને પરદ્રવ્યમાં એકાગ્રતા કરતાં કેવી આવડે છે ? તેમ સ્વદ્રવ્યમાં એકાગ્રતા કર ને ! તેમાં તારું હિત છે. એકવાર ગુલાંટ ખાઈને નિજ પરમેશ્વરનો મેળાપ કર ને !

પંચમ-આરાના સાધુ શ્રી પૂજ્યપાદસ્વામીએ આ ઈષ્ટોપદેશ ૫૧ શ્લોકમાં રચ્યું છે. ખૂબ ઊંડા ભાવો ભર્યા છે. ધર્મધુરંધર ધોરી સંતો જગતને હથેળીમાં આત્મા બતાવી રહ્યા છે. પોતાના દ્વારા પોતાનું જ્ઞાન થાય તે સ્વસંવેદન છે. (ક્રમશઃ)❊

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ) (સમયસાર પ્રવચન)


બંધનું કારણ છે. બંધનું કારણ કેમ છે ?—કે તેઓ અચેતન છે માટે બંધનું કારણ છે.

મિથ્યાત્વાદિ ગુણસ્થાનો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા છે, જીવ કર્તા નથી એમ સિદ્ધ થયું. જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન છે. ભગવાન આત્મા બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છે, તેને પુદ્ગલકર્મનો કર્તા માનવો એ અજ્ઞાન મિથ્યાત્વ છે. (ક્રમશઃ) ❊

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૨૨.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૨)

## પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ

जीवादि प्रयोजनभूत तत्त्व, सरधैं तिनमांहि विपर्यत्व ।
चेतनको है उपयोग रूप, बिनमूरत चिन्मूरत अनूप ।।२।।

હું કોણ છું? અને મારું સાચું સ્વરૂપ શું છે? એની સાચી ઓળખાણ જીવે કદી કરી નથી. અનાદિથી પોતાના સાચા સ્વરૂપને ભૂલીને જીવે પોતાને પુણ્ય–પાપરૂપ અને શરીર રૂપ જ માન્યો છે.–આ અગૃહીત મિથ્યાત્વ છે. અગૃહીત એટલે કોઈના ઉપદેશ વગર અનાદિથી ચાલી આવતી ભૂલ, તેને નૈસર્ગિક–મિથ્યાદર્શન પણ કહેવાય છે. આવી જીવસ્વભાવની અનાદિની ભૂલ ઉપરાંત કુગુરુઓના ઉપદેશ વડે વીતરાગદેવાદિથી વિપરીત એવા કુદેવાદિની માન્યતા ગ્રહણ કરે છે તે ગૃહીત મિથ્યાત્વ છે. તેનું વર્ણન પછી (ગાથા ૯ મી થી) કરશે. ગૃહીત મિથ્યાત્વ તો જીવે કોઈકવાર ટાળ્યું છે પણ અગૃહીત મિથ્યાત્વ તેણે પૂર્વે કદી ટાળ્યું નથી. ત્યાગી થયો ને શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ તે શુભરાગમાં ધર્મ માનીને તેના જ અનુભવમાં અટકી ગયો, તેનાથી જુદા ચેતનરૂપ આત્માનો અનુભવ ન કર્યો તેથી અગૃહીત મિથ્યાત્વ ટળ્યું નહિ. કુદેવાદિના સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વ તો છોડ્યું, સાચા દેવ-ગુરુને તો માન્યા, કેમકે તે વગર નવમી ગ્રૈવેયક સુધી જાય નહિ; એ રીતે ગૃહીત મિથ્યાત્વ છોડવા છતાં ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું તેથી તેનું મિથ્યાત્વ ન છૂટ્યું ને સંસારભ્રમણ ન મટ્યું; તેથી અહીં જીવાદિનું યથાર્થ સ્વરૂપ જાણીને મિથ્યાત્વ સર્વથા છોડવાનો ઉપદેશ આપે છે.

આત્મા કેવો છે? સર્વજ્ઞ ભગવાને આત્મા જ્ઞાન–આનંદરૂપ જોયો છે, દેહથી ભિન્ન જોયો છે. આવા આત્માને જાણીને દેહ સાથેની એકતાબુદ્ધિ છોડ. આત્માના સ્વભાવમાં દુઃખ નથી, આત્મા તો જ્ઞાન–આનંદ ને શાંતિથી ભરેલો છે. દેહ તો રૂપી છે, આત્મા અરૂપી છે. 'વિનમૂરતિ' એટલે રૂપી–પણા વગરનો, અને 'ચિન્મૂરતિ' એટલે ચૈતન્યસ્વરૂપ,–આવો આત્મા છે.

જો ક્રોધ—પુદ્ગલકર્મ—જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩.

કર્મ અને શરીર અજીવ છે, પુણ્ય–પાપ તે આસ્રવ છે; તેને પોતાના માનવા કે તેવા સ્વરૂપે જીવ માનવો–એ તો ભગવાનના ઉપદેશથી વિપરીત માન્યતા છે એટલે કે મિથ્યા શ્રદ્ધા છે. અનંતા સર્વજ્ઞ કેવળીભગવંતો થયા, સીમંધરનાથ વગેરે તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં (મનુષ્યલોકમાં) સર્વજ્ઞપણે અત્યારે બિરાજી રહ્યા છે, ત્યાં લાખો કેવળીભગવંતો પણ બિરાજે છે; તે બધા ભગવંતોએ ઉપયોગરૂપ આત્મા જોયો છે, જડરૂપ કે રાગરૂપ નથી જોયો, ઉપયોગરૂપ આત્મા ભગવાને જોયો છે ને તેવો જ ઉપદેશ્યો છે. આવા આત્માને દેહથી ભિન્ન જાણીને વિપરીત માન્યતા છોડો.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ—આ સાત તત્ત્વો પ્રયોજનભૂત છે એટલે કે તેમનું જ્ઞાન કરવું તે પ્રયોજનભૂત છે. કાંઈ અજીવ કે આસ્રવ–બંધ પ્રયોજનભૂત નથી પણ તેને છોડવા માટે તેની ઓળખાણ કરવી તે પ્રયોજનભૂત છે. ઓળખ્યા વગર તેને છોડશે કેવી રીતે? ઘરમાં કોઈ દુશ્મન પ્રવેશી ગયો હોય, તેને ઓળખે નહિ ને મિત્ર તરીકે માને–તો તે તેને ક્યાંથી છોડશે? તેમ રાગાદિ આસ્રવો કે જે શત્રુ જેવા છે, તેને જે મિત્ર માને (–તેનાથી ધર્મ માને) તે તેને ક્યાંથી છોડશે? માટે બધા તત્ત્વોને જેમ છે તેમ બરાબર જાણે તો જ તેની સાચી શ્રદ્ધા થાય. ને ભૂલ મટે; ભૂલ મટે એટલે દુઃખ મટે. દુઃખથી છૂટીને સુખી થવું હોય તેણે આ જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ ઓળખવું. શુદ્ધદૃષ્ટિથી તેમાં શુદ્ધજીવ જ ઉપાદેય છે. અજીવ તો ભિન્ન છે; આસ્રવ ને બંધ તે દુઃખનાં કારણો છે; સંવર–નિર્જરા તે સુખનાં કારણો છે; ને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે.

જીવ કેવો છે? ચેતન છે. ચેતનનું એટલે કે જીવનું રૂપ તો ઉપયોગ છે. જીવ ચેતનરૂપ સુખથી ભરેલો છે; અજીવમાં જ્ઞાન કે સુખ-દુઃખ નથી. જીવ જ જ્ઞાનવડે સ્વ-પરને જાણે છે ને પોતાના સુખને વેદે છે. જગતમાં જેને બીજા કોઈની ઉપમા લાગુ પડતી નથી એવું અનુપમ જીવતત્ત્વ ઉપયોગરૂપ છે. આવા નિજતત્ત્વને ઓળખ્યા વગર જીવ દુઃખ પામ્યો; તેને ઓળખે ત્યારે મિથ્યાત્વ મટે ને દુઃખ છૂટે. 'હું ઉપયોગસ્વરૂપ જીવ છું' એવા અનુભવ વગર દેહબુદ્ધિ મટે નહિ, ને સુખ થાય નહિ.

પહેલી ઢાળની ૧૪મી ગાથામાં કહ્યું હતું કે 'कैसे रूप लखै आपनो'—તેમાં અપનો રૂપ એટલે આત્માનું સ્વરૂપ શું, તે અહીં કહ્યું કે–ઉપયોગ તે આત્માનું સ્વરૂપ છે–'चेतनको है उपयोग रूप बिनमूरत चिन्मूरत अनूप'

**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે—તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં—મિથ્યા બને. ૧૨૪.**

સમયસારમાં કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે—

‘હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન–દર્શનમય ખરે.’

‘સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે.’

સમયસાર–નાટકમાં પં. બનારસીદાસજી કહે છે કે—

‘चेतनरूप अनूप अमूरत सिद्धसमान सदा पद मेरो.’

આત્મસિદ્ધિમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

‘શુદ્ધ–બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ.’

—આમ સર્વજ્ઞભગવાને જોયેલું જીવનું યથાર્થસ્વરૂપ સંતોએ જાતે અનુભવીને શાસ્ત્રોમાં બતાવ્યું છે; તે પ્રમાણે બરાબર ઓળખવું જોઈએ.

નવ તત્ત્વોમાં ચેતનરૂપ જીવ.

ચેતના વગરનાં પુદ્ગલ વગેરે પાંચ દ્રવ્યો અજીવ;

મિથ્યાત્વ અને રાગ–દ્વેષના ભાવો–જેના વડે કર્મો આવે ને બંધાય તે આસ્રવ તથા બંધ;

સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ આત્માનું ભાન અને તેમાં લીનતા વડે શુદ્ધતા થતાં નવાં કર્મો અટકે ને જૂનાં ખરે તે સંવર–નિર્જરા;

અને સંપૂર્ણ સુખરૂપ, તથા કર્મના સર્વથા અભાવરૂપ મોક્ષ છે.

—આવા તત્ત્વોને ઓળખે ત્યારે મિથ્યાત્વ ટળે છે. તેથી પોતાના હિત માટે સાત તત્ત્વોનું જ્ઞાન ઉપયોગી છે, જરૂરનું છે. તત્ત્વને જાણે નહિ ને ધર્મ કરવા માંગે તો થાય નહિ. માટે તે તત્ત્વોને જાણીને તે સંબંધમાં વિપરીતતા ટાળવી જોઈએ.

સર્વજ્ઞદેવે જીવ સદા ઉપયોગ–લક્ષણરૂપ જોયો છે. આત્માનું સ્વરૂપ તો ઉપયોગ છે. આવો ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્મા પોતાના જ્ઞાનમાં ભાસ્યા વગર જીવ ક્યાંકને ક્યાંક તત્ત્વની ભૂલ કર્યા વગર રહે નહિ. ને ભૂલ હોય ત્યાં દુઃખ હોય. મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર દુઃખરૂપ છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સુખરૂપ છે. (ક્રમશઃ) ❊

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

વસ્તુ ત્રિકાળ છે. તેને જોવાનો પ્રયત્ન કર. વિષયવાસનાને ન ભાવ. હે ચિદાનંદ રાજા! તારું પદ દેખ, દેખ. જેના પ્રકાશમાં લોકાલોક જણાય એવું પદ દેખ. પોતાના પદને શોધ. પર્યાયને અંતર વાળીને અંદર દેખો. આખી વસ્તુની સત્તા કેવી રીતે છે? 'છે' એ વર્તમાન પૂરતું છે કે કાંઈ ત્રિકાળી છે? તેનો પત્તો મેળવો. શાતા-અશાતા ને વિકારની ઉચ્છેદના કરી સ્વાભાવિક ભાવને ધારણ કરી અંતરને વેદો. જેમ મોટી ગંગા વહે છે તેમ આત્મામાં જ્ઞાનધારા વહે છે. જ્ઞાનને લીધે આત્મા જ્ઞાયક કહેવાયો છે. એવા આત્માને જોતાં શાંતિ ને આનંદનો અનુભવ થાય છે. આવા પરમાત્માને તું દેખ.

પણ અનાદિથી વિકારરૂપી અવસ્થાથી લલચાયો છે. પુણ્ય-પાપની લાગણીમાં લલચાઈ ગયો છે. કુમતિ સખીનો સંગ ચાર ગતિમાં રખડાવશે, માટે વિકારમાં લલચાઈશ નહિ. હે આત્મા! તારી સ્વાભાવિક નિર્મળ દશારૂપી રાણીના વિયોગથી તું બહુ દુઃખી થયો છે. હવે વીતરાગી શાંતિને ભોગવો. અતીન્દ્રિય ભોગને ભોગવો, બીજે તૃપ્તિ મળશે નહિ. નિજપરિણતિ ઉપાદેય છે. ત્યાં સ્વાભાવિક નિર્વિકલ્પ રસ વરસે છે. ડુંગરામાંથી પાણીનાં ઝરણાં વહે છે. તેમ આત્મામાંથી અવિનાશી શાંતરસ ઝરે છે. તેથી સંસારનો તાપ મટે છે. તારા સ્વભાવનું આચરણ કર.

નાગરવેલના પાનની પીચકારીને પદ્મરાગમણિ કલ્પી જૂઠો આનંદ માને છે. થૂંકને મણિ કલ્પે છે ને આનંદ પામે છે. એવી રીતે પરમાં નિજભાવ કલ્પી જૂઠી હોંશ કરે છે. સંસારમાં છેલ્લા લગ્ન વખતે હોંશ પૂરી કરવાનું માણસો કહે છે તે તો એકલો કષાયરસ છે. હમણાં લહેર છે એમ કહે છે. ચારે તરફ પૈસા વાપરી આકુળતામાં પોતાનો સ્વભાવ કલ્પી હોંશ પૂરી કરે છે, પણ તેમાં તારી હોંશ પૂરી નહિ થાય.

આકાશમાં એક દેવ છે. તેના હાથમાં ચિંતામણિ છે. તેના પ્રતિબિંબને પાણીના વાસણમાં દેખી મનમાં વિચારે કે મને ચિંતામણિ આવ્યું, પણ તે તો પ્રતિબિંબ છે. મનમાં તેને મણિ વિચારીને લાખોના મકાન બનાવવાનો વિચાર કરે અથવા લાખો રૂપિયા દેવા

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

કરે તે વ્યર્થ છે, કાંઈ સિદ્ધિ નથી. અજ્ઞાની જીવ કહે કે શુભભાવથી સુખી થઈશું અથવા બાહુબળથી ખૂબ પૈસા કમાયા. હવે નિરાંતે ભોગવશું—એમ મોજ માને છે. તે ચિંતામણિ નથી. ત્યાં તો આકુળતા છે. આત્માની છાયા પુણ્ય-પાપમાં પડી ને તેના ફળમાં સંયોગ મળ્યા. પુણ્યના ફળના આશ્રયે સુખ માનીશ તો દુઃખી થઈશ, તેથી તારી સિદ્ધિ નથી. જેમ કોઈકની ઋદ્ધિ દેખીને જીવ સુખી થતો નથી, તેમ વિકારથી તું સુખી થઈશ નહિ. જૂઠી કલ્પના તને જ દુઃખદાયક છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે તે સાચું મણિ છે. તેને અજ્ઞાની જોતો નથી. પુણ્ય-પાપ તથા સંયોગો પ્રતિબિંબ સમાન છે. પ્રતિબિંબમાં કાંઈ હાથ આવે એમ નથી, તેમ અનિત્ય વસ્તુ ને વિકારી ભાવમાં શાંતિ શોધવા જઈશ તો મળશે નહિ. અખંડ વસ્તુ જ્ઞાન ને આનંદરૂપ છે તેને દેખો. તારું બ્રહ્મસરોવર નિત્ય આનંદામૃતના રસથી પરિપૂર્ણ છે. જેના અનુભવથી અમર થઈ જવાય એવો અનુભવ રસ પીઓ.

## અનુભવ વર્ણન

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેનો અનુભવ કરતાં જ્ઞાન કેવી રીતે કામ કરે છે તેનું આ વર્ણન છે. પુદ્‌ગલકર્મથી પાંચ ઈન્દ્રિયને મનરૂપ શરીર થયેલ છે. તેના પ્રમાણમાં જીવ વ્યાપેલો છે. પર્યાયમાં તે-રૂપ પરિણમેલો છે. શરીરમાં વ્યાપેલો છે, તેથી જીવ પણ ઈન્દ્રિય ને મનસંજ્ઞા નામ પામે છે.

તે પ્રમાણે ભાવઈન્દ્રિય એટલે ખંડખંડ જ્ઞાનના પાંચ ભેદ, તથા પર્યાયમાં મનન-વિચાર કરે તે ભાવમન—એવા છ ભેદ જાણવા-દેખવાના વ્યાપારમાં પડ્યા. જ્ઞાન કઈ રીતે વ્યાપે છે તેનું વર્ણન કરે છે. શરીર, ઈન્દ્રિયો ને મન જડ છે. તેમાં આત્મા એકક્ષેત્રે વ્યાપેલો છે. તેના ઉપયોગના છ ભેદ પાડ્યા. તેમાં એક વ્યાપાર એક સમયે એકને જ જાણે-દેખે. આંખનો ઉપયોગ દેખે, મનનો ઉપયોગ વિકલ્પને જાણે. મનના વેપારમાં ભેદ પડ્યો તે મનના પરિણામની હદ છે, તેને ભાવમનનો ભેદ કહ્યો. "દેખ સંત! આને એક જ્ઞાનનું નામ લઈ કથન કરું છું. એ જ્ઞાનકથનથી દર્શનાદિ બધાય ગુણો આવી ગયા." અજ્ઞાની ને જ્ઞાની કઈ રીતે જાણે છે તે બતાવે છે.

મન અને ઈન્દ્રિયના નિમિત્તે જે જ્ઞાન કામ કરે છે તેને મતિજ્ઞાન કહે છે. પોતાના કારણે દરેક જ્ઞાન પોત પોતાનું કામ કરે છે. મતિથી વિશેષ કામ કરે તે શ્રુતજ્ઞાન છે.

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

શ્રુતજ્ઞાન પોતામાં કામ કરે છે. બન્ને જ્ઞાનપર્યાય મિથ્યારૂપ ને સમ્યક્‌રૂપ હોય છે.

જેની દૃષ્ટિ પર ઉપર છે તેના જ્ઞાનનો પર્યાય મિથ્યા છે, તેને સ્વ-પરની ખબર નથી. સ્વ-પરને જાણતું જ્ઞાન પોતામાં વ્યાપે છે પણ પરમાં વ્યાપતું નથી. એમ અજ્ઞાની જાણતો નથી. સ્વપરનું જાણવું પોતાનું છે છતાં શરીરાદિ પરમાં તથા રાગમાં એક થતું નથી. જ્ઞાન જ્ઞાનમાં રહીને કામ કરે છે. તે પરમાં વ્યાપતું નથી છતાં પરને જાણે છે એવી તેને ખબર નથી. અજ્ઞાની તપ ને ત્યાગ કરે પણ તેને સાચા જ્ઞાનની ખબર નથી. જ્ઞાન પરમાં કે મનમાં લીન થયા વિના સ્વ-પરને જાણે છે એવી તેને ખબર નથી. કદાચિત્ અજ્ઞાની કહે છે કે આ રાગ છે, આ વિકાર છે, આ શરીર છે, એમ વ્યવહારે કહે તોપણ પોતાની જાતને જાણ્યા વિના ખરેખર પરને તે જાણતો નથી. આત્મા વસ્તુ છે, જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેનો પર્યાય પોતામાં રહીને કામ કરે છે. એમ જાણે તો રાગ ને પરમાં વ્યાપતો નથી. પણ સ્વમાં રહીને જાણી લે છે એમ કહેવાય, પણ જ્ઞાન ત્રિકાળ શુદ્ધ છે તેવી મિથ્યાત્વીને ખબર નથી. ગુણગુણી તાદાત્મ્ય-એકરૂપ છે ને વિકાર, શરીર, મન, વાણીથી તન્મય નથી. આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ થઈ નથી. તેથી અજ્ઞાનીનું જ્ઞાન સ્વમાં તો વ્યાપતું નથી, પણ પરમાં વ્યાપે છે કે નહિ તે પણ જાણતો નથી. પરને ખરેખર જાણતો હોય તો સ્વને જાણતો હોવો જોઈએ. સ્વમાં રહીને પરમાં પ્રવેશ થયા વિના જાણી લે તેવી યથાર્થતા પ્રગટી નથી. અનંત વિકાર કર્યા, વિકલ્પો કર્યા છતાં વસ્તુ તો એવી ને એવી શુદ્ધ છે. એવી ખબર વિના જે જ્ઞાન ઉઘડ્યું હોય તે સ્વ કે પરને જાણતું નથી.

સમ્યગ્દૃષ્ટિ શરીર તથા રાગાદિને પર જાણે છે. પોતાના જ્ઞાનના અંતર અનુભવમાં રહીને રાગને જાણે છે. રાગમાં જઈને રાગને જાણતો નથી. ચોથા ગુણસ્થાને રહેલો સમ્યગ્દૃષ્ટિ જીવ આવો હોય છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન સામે સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનની વાત કરે છે.

મિથ્યાદૃષ્ટિને જ્ઞાનની જાતની ખબર નથી. તે વિકારને જાણે છે એમ કહેવું તે પણ કહેવામાત્ર છે. ખરેખર તે તેને પણ જાણતો નથી. સમ્યગ્દૃષ્ટિ દયાદિને જાણે છે. મારૂં જ્ઞાન મારામાં રહીને, પરમાં ભળ્યા વિના જાણે છે. રાગમાં તન્મય થઈને જ્ઞાન કામ કરતું નથી. દયા-દાન કૃત્રિમ છે. આત્માનો સ્વભાવ નથી. જેનો જ્ઞાનપર્યાય સ્વભાવ તરફ વળે છે તેનું જ્ઞાન રાગ તથા પરમાં એકમેક થઈને પરને જાણતું નથી, એકમેક થઈને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. આમ સમ્યગ્દૃષ્ટિને ભાન છે. (ક્રમશઃ) ❊

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૮) આસ્રવાનુપ્રેક્ષા

रागो दोसो मोहो हास्सादिणोकसायपरिणामो ।
थूलो वा सुहुमो वा असुहमणो त्ति य जिणा वेंति ।।५२।।

રાગ, દ્વેષ, મોહ તથા હાસ્યાદિ (—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ) નોકષાયરૂપ પરિણામ સ્થૂળ હોય વા સૂક્ષ્મ હોય, અશુભમન છે એમ જિનેન્દ્રદેવ જાણે છે. ૫૨.

भत्तित्थिरायचोरकहाओ वयणं वियाण असुहमिदि ।
बंधणछेदणमारणकिरिया सा असुहकायेत्ति ।।५३।।

ભક્ત (ભોજન) કથા, સ્ત્રીકથા, રાજકથા અને ચોરકથા અશુભ વચન છે એમ જાણવું. તથા બંધન, છેદન અને તાડનરૂપ જે ક્રિયા છે તે અશુભકાય છે. ૫૩.

मोत्तूण असुहभावं पुव्वुत्तं णिरवसेसदो दव्वं ।
वद समिदिसीलसंजमपरिणामं सुहमणं जाणे ।।५४।।

પૂર્વે કહેલાં અશુભભાવ તથા અશુભ દ્રવ્યને સંપૂર્ણપણે છોડીને વ્રત, સમિતિ, શીલ અને સંયમરૂપ પરિણામોનું થવું શુભમન છે એમ જાણો. ૫૪.

संसारछेदकारणवयणं सुहवयणमिदि जिणुदिद्ट्ठं ।
जिणदेवादिसु पूजा सुहकायं त्ति य हवे चेट्ठा ।।५५।।

જે વચન સંસારને છેદવામાં કારણ છે તે શુભ વચન છે એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. તથા જિનેન્દ્રદેવ આદિની પૂજા રૂપ જે ચેષ્ટા–શરીરની પ્રવૃત્તિ છે તે શુભકાય છે. ૫૫.

जम्मसमुद्दे बहुदोस बीचिये दुक्खजलचराकिण्णे ।
जीवस्स परिब्भमणं कम्मासवकारणं होदि ।।५६।।

અનેક દોષરૂપી તરંગોથી યુક્ત તથા દુઃખરૂપી જળચર જીવોથી વ્યાપ્ત સંસારરૂપી સમુદ્રમાં જીવનું જે પરિભ્રમણ થાય છે તે કર્માસ્રવને લીધે થાય છે. અર્થાત્ કર્માસ્રવને લીધે જ જીવ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરે છે. ૫૬. (ક્રમશઃ) ❊

# સત્સમાગમ એટલે મુમુક્ષુતાની પુષ્ટિ

આત્મસ્વભાવની આરાધના એ મુમુક્ષુ ધ્યેય છે....તે ધ્યેયની સફળતા માટે આરાધક ધર્માત્માઓનો સત્સમાગમ કરીને તે પોતાની આત્માર્થિતા પુષ્ટ કરે છે.

એવા આરાધક જીવોનો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે કેમકે જગતના જીવોમાં આરાધકજીવો અનંતમાં ભાગના જ છે. આમ છતાં આત્માને સાધવા માટે જાગેલા મુમુક્ષુને કોઈને કોઈ પ્રકારે તેનો માર્ગ બતાવનાર જ્ઞાની મળી જ જાય છે.

‘સત્‌સમાગમ’ એટલે, રાગાદિથી ભિન્ન જ્ઞાનચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને ઓળખીને તેનો સમાગમ; જ્ઞાનીના જ્ઞાનભાવોની ઓળખાણ થતાં મુમુક્ષુના પરિણામ આત્મસ્વભાવ તરફ ઝૂકે છે, તેની આ આત્માર્થીતા પુષ્ટ થાય છે ને રાગનો રસ તૂટતો જાય છે. એમ થતાં કદી નહિ અનુભવાયેલી એવી કોઈ અપૂર્વ શાંતિના ભાવો તેને પોતામાં જાગે છે. જ્ઞાનીના સાચા સત્સમાગમનું આવું ફળ જરૂર આવે જ છે.

હે બંધુ, આવા મોંઘા સત્સમાગમની પ્રાપ્તિનો અને આત્માર્થની પુષ્ટિ કરીને શાંતિના વેદનનો આ સોનેરી અવસર છે. હવે તારું કામ એક જ છે કે બીજા બધાંથી રસ છોડીને, સમયે-સમયે સ્વને રાગથી જુદા કરીને, બધા પ્રકારથી આત્મવસ્તુનો મહિમા ઘૂંટીઘૂટીને, રાગથી જુદા ચૈતન્યભાવનું અંતરમાં વેદન કરવું. હવે તું એના જ પ્રયત્નમાં ઊંડો ઊતર...બસ ! તારો બેડો પાર છે...શાંતિ અપાર છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—અજ્ઞાની પુરુષનો સંસાર શું છે અને આત્મજ્ઞાનથી શૂન્ય વિદ્વાનનો સંસાર શું છે?**

ઉત્તર :—જે પુરુષ અજ્ઞાની છે અર્થાત્ વાસ્તવિક રીતે હિતાહિત જાણતો નથી તેનો સંસાર તો સ્ત્રી-પુત્રાદિ જ છે. પરંતુ જે વિદ્વાન છે, શાસ્ત્રોનો અક્ષરાભ્યાસ પણ વિશદરૂપથી કરી ચૂકેલ છે. અનેક શ્લોક-ગાથાઓ પોતાની સ્મૃતિપટલ ઉપર અંકિત કરી ચૂકેલ છે પરંતુ તે આત્મજ્ઞાનથી શૂન્ય છે, તેનો સંસાર શાસ્ત્ર છે.

**પ્રશ્ન :—અનંતાનુબંધી લોભ કોને કહે છે?**

ઉત્તર :—પોતાની સ્વભાવપર્યાય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટ કરું, તો વાસ્તવિક સંતોષ થાય—એમ ન માનતો અજ્ઞાની જીવ અશુભમાંથી શુભમાં આવી જાય તેમાં તે સંતોષ માની લ્યે અર્થાત્ શુભ રાગમાં જ સંતુષ્ટ થઈ તેમાં જ અટકી જાય છે. એવા જીવને વાસ્તવમાં રાગનો લોભ છે અને તેને અનંતાનુબંધી લોભ કહે છે.

**પ્રશ્ન :—મિથ્યાદષ્ટિના જ્ઞાનમાં દ્રવ્યસ્વભાવ ભાસતો નથી તો તેને દ્રવ્યનો અભાવ છે?**

ઉત્તર :—મિથ્યાદષ્ટિને દ્રવ્ય ભાસતું નથી તેથી તેના જ્ઞાનમાં દ્રવ્ય અભાવરૂપ છે. જ્ઞાનીને તો પરનું દ્રવ્ય પણ ભાસે છે તેથી અજ્ઞાનીના દ્રવ્યને જ્ઞાની ભગવાન સ્વરૂપે દેખે છે, પણ અજ્ઞાનીને તો દ્રવ્ય દેખાતું નથી તેથી તેની દષ્ટિમાં તો દ્રવ્ય અભાવ રૂપ જ છે.

**પ્રશ્ન :—તે અજ્ઞાની જીવ મોક્ષને શ્રદ્ધે છે કે નહીં?**

ઉત્તર :—મોક્ષને પણ તે શ્રદ્ધતો નથી, કેમકે શુદ્ધજ્ઞાનમય એવા આત્માને તે જાણતો નથી; શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન જેને ન હોય તેને મોક્ષની પણ શ્રદ્ધા હોતી નથી અને મોક્ષની શ્રદ્ધા વગર ગમે તેટલા શાસ્ત્રો ભણી જાય તોપણ આત્માનો લાભ ક્યાંથી થાય?—સમ્યગ્જ્ઞાન ક્યાંથી થાય? શાસ્ત્રોનો હેતુ તો શુદ્ધજ્ઞાનમય આત્મા દર્શાવીને મોક્ષના ઉપાયમાં લગાડવાનો હતો, પરંતુ જેને મોક્ષની જ શ્રદ્ધા નથી તેને શાસ્ત્રનું ભણતર ક્યાંથી ગુણકારી થાય? માટે, અભવ્ય જીવ ૧૧ અંગ ભણવા છતાં અજ્ઞાની જ રહે છે. અભવ્યના દષ્ટાંત મુજબ બીજા ભવ્ય જીવોનું પણ એ જ પ્રમાણે સમજી લેવું. અંતર્મુખ થઈને, રાગથી

**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

જુદો થઈને, શુદ્ધજ્ઞાનમય આત્માને જે જાણે છે તે જ સમ્યગ્જ્ઞાની થાય છે.

પ્રશ્ન :—ન્યાયથી અને તર્કથી તો આ વાત બેસે છે પણ અંદર જવાની હિંમત કેમ ચાલતી નથી?

ઉત્તર :—એને પહોંચવા જોઈએ એટલો પુરુષાર્થ નથી એટલે બહારને બહાર ભટક્યા કરે છે. અંદર જવાની રુચિ નથી તેથી ઉપયોગ અંદર જતો નથી.

પ્રશ્ન :—જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો?

ઉત્તર :—જ્ઞાન પોતાને જાણે છે, એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે એટલે પોતે જણાતો નથી, પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે તેથી પોતે જણાતો નથી.

પ્રશ્ન :—ભગવાન આત્માને જ્ઞાનમાત્ર શા માટે કહેવામાં આવે છે? આપ વારંવાર 'ભગવાન આત્મા....ભગવાન આત્મા...' કહો છો–મહેરબાની કરીને તેનું સ્વરૂપ બતાવો.

ઉત્તર :—ભાઈ! ભગવાન આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ, અનંત આનંદનો કંદ, અનંત મહિમાવંત, અતીન્દ્રિય મહાપદાર્થ છે; તેને જ્ઞાનમાત્ર પણ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાનમાત્ર છે એટલે કે એ શરીર, મન, વાણી અને પુણ્ય-પાપરૂપ નથી. એક સમયની પર્યાય માત્ર પણ નથી. તે જ્ઞાન, દર્શન, અકાર્યકારણ, ભાવ—અભાવ આદિ અનંત શક્તિમય છે.

પ્રભુ! તારા ઘરની શું વાત કહેવી! તારામાં અનંત શક્તિઓ ભરી પડી છે. અને એક એક શક્તિ અનંત સામર્થ્યવાન છે. એક એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક એક શક્તિમાં બીજી અનંત શક્તિઓનું રૂપ છે. એક એક શક્તિ અન્ય અનંત શક્તિઓમાં નિમિત્ત છે. એક એક શક્તિમાં અનંત પર્યાયો છે, તે પર્યાયો ક્રમે ક્રમે થાય છે, માટે તેઓ ક્રમવર્તી છે. અનંત શક્તિઓ એક સાથે રહે છે માટે તેઓ અક્રમવર્તી છે. આ પ્રમાણે આત્મદ્રવ્ય અક્રમવર્તી અને ક્રમવર્તી ગુણપર્યાયોનો પિંડ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે માટે તેની દૃષ્ટિ કરવાથી પરિણમન પણ શુદ્ધ જ થાય છે. 'હું જ્ઞાન માત્ર વસ્તુ છું'—આવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વ શક્તિનું પરિણમન થયું, તેની સાથે જ્ઞાન, દર્શન, આનંદ, અકાર્યકારણત્વ વગેરે અનંત શક્તિઓની પર્યાયો ઊછળે છે, પ્રગટ થાય છે.

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે. ૧૩૦.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :***—પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી. તો પર્યાય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ કઈ રીતે કરી શકે?

**સમાધાન :**—દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી, તે દૃષ્ટિ અપેક્ષાએ છે, કેમકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી, દૃષ્ટિના વિષયમાં એક દ્રવ્ય આવે છે. પણ સર્વ અપેક્ષાએ દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એમ નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે એમ બીજી એક અપેક્ષા છે. સર્વ અપેક્ષાએ પર્યાય તદ્દન જુદી હોય તો પર્યાય પોતે જ દ્રવ્ય થઈ જાય. માટે સર્વ અપેક્ષાએ એમ નથી.

***પ્રશ્ન :***—અહીંયાં દ્રવ્ય એટલે ધ્રુવભાવ ને પર્યાયભાવ એમ બે ભાવ લઈએ તો?

**સમાધાન :**—ધ્રુવ એકલું નથી, ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે. ઉત્પાદ્-વ્યય વગરનું ધ્રુવ નથી. એકલું ધ્રુવ હોઈ શકે જ નહિ, ઉત્પાદ્-વ્યયની અપેક્ષાવાળું ધ્રુવ છે. કોઈ અપેક્ષાએ અંશો જુદા છે પણ એકબીજાની અપેક્ષા રાખે છે.

***પ્રશ્ન :***—પહેલાં નિરપેક્ષથી જાણવું જોઈએ અને પછી સાપેક્ષતા લગાડવી જોઈએ એટલે કે ધ્રુવથી છે, પર્યાય પર્યાયથી છે. ધ્રુવ પર્યાયથી નથી ને પર્યાય ધ્રુવથી નથી. એમ પહેલાં નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા લગાડવી કે પર્યાય દ્રવ્યની છે. તો એમ સમજવામાં શું દોષ આવે?

**સમાધાન :**—જે નિરપેક્ષપણું યથાર્થ સમજે તેને સાપેક્ષપણું યથાર્થ સાથે આવે છે. સમજવા માટે પહેલું—પછી આવે, પણ યથાર્થ પ્રગટે તેમાં બંને સાથે આવે છે. જે યથાર્થ નિરપેક્ષપણું સમજે તેની સાથે સાપેક્ષપણું હોય જ છે. એકલું નિરપેક્ષ પહેલાં સમજાવીને પછી સાપેક્ષ સમજાવે તે તો વ્યવહારની એક રીત છે. અનાદિકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી, માટે દ્રવ્યદૃષ્ટિ કર, પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ. નિરપેક્ષ દ્રવ્યને ઓળખવાની સાથે સાપેક્ષ શું છે તે તેમાં આવી જ જાય છે. એકલું નિરપેક્ષ આવે તો નિરપેક્ષ યથાર્થ નથી,

**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

સમજવામાં બંને સાથે છે, એકલું નિરપેક્ષ એકાંત થઈ જાય છે.

***પ્રશ્ન* :**—જીવને રાગના પરિણામનો પરિચય છે અને જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે, તો આ સ્થિતિમાં આગળ કઈ રીતે વધવું તે અંગે માર્ગદર્શન આપવા કૃપા કરશોજી.

**સમાધાન :**—રાગનો પરિચય અનાદિથી છે ને જ્ઞાનનો પરિચય નથી, તો જ્ઞાનસ્વરૂપ આત્માનો પરિચય વધારે કરવો. જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે કારણ કે તેની દૃષ્ટિ બહાર છે; પણ જે જણાય છે તે જ્ઞાન જ છે. માટે જ્ઞાનને વિભાવથી છૂટું જાણીને એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો વારંવાર અભ્યાસ કરવો, તેનો પરિચય વધારે કરવાથી,—તેની સમીપ જઈને ઓળખવાથી—તે પ્રગટ થાય છે. ભલે જ્ઞાન આછું દેખાય, પણ તે ચૈતન્યનું લક્ષણ છે, માટે લક્ષણથી લક્ષને ઓળખ. પર તરફ તેની દૃષ્ટિ જાય છે તેથી જાણે જ્ઞેયથી જ્ઞાન હોય તેવી ભ્રમણા થઈ ગઈ છે. તે ભ્રમણાને મૂકીને જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો. જ્ઞાન ભલે આછું જણાય, પણ તે જ્ઞાન જ છે એવી રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો અભ્યાસ કરવો. રાગનો પરિચય છે તેને છોડીને જ્ઞાનનો પરિચય કરવો, જ્ઞાતાનો પરિચય કરવો અને વારંવાર તેનો અભ્યાસ કરવો તે તેનો ઉપાય છે.

***પ્રશ્ન* :**—પર્યાય ઉપરથી દ્રવ્યનો ખ્યાલ કેવી રીતે કરવો?

**સમાધાન :**—દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે, પણ પર્યાય વચ્ચે આવે છે. પર્યાયનો આશ્રય નથી આવતો, પણ પર્યાય સાથે આવે છે. દ્રવ્યનો વિષય પર્યાય કરે છે. દૃષ્ટિની દિશા પલટાય છે ત્યારે વિષય દ્રવ્ય બને છે. પર્યાય વચ્ચે આવે છે.

***પ્રશ્ન* :**—અમને તો જ્ઞાનની પર્યાય જણાય છે, તો શું કરવું?

**સમાધાન :**—જ્ઞાનની પર્યાય ભલે જણાય, પણ જ્ઞાનસ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો, પણ જ્ઞાયક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. જે અંશ દેખાય છે તે અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો. જે આ ક્ષણે ક્ષણે દેખાય તે હું એમ પ્રયત્ન ન કરવો. પરંતુ જાણનારની શક્તિ ધરાવનારો કોણ છે? તે દ્રવ્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ જાણ્યું, આ જાણ્યું, એમ પર્યાયને ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતાં, અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. તેના લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય છે. પર્યાય ગ્રાહકરૂપે વચ્ચે આવે છે.


**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.**

## બાળ વિભાગ

# વાસના વિજેતા સુદર્શન

આ ભરતક્ષેત્રમાં બંગદેશના તાબામાં ચંપાપુર નામના પવિત્ર નગરમાં ધાત્રીવાહન રાજા રાજ્ય કરતો હતો, તેની રાણીનું નામ અભયમતી હતું. તે જ નગરમાં એક વૃષભદાસ નામના શ્રેષ્ઠી નિવાસ કરતા હતા, તેમને મહાશીલવાન જિનમતી નામની પત્ની હતી.

શેઠને ત્યાં એક સુભગ નામનો ગોવાળિયો હતો. એક દિવસ તે જ્યારે વનથી ઘર તરફ પાછો આવી રહ્યો હતો ત્યાં તેને એક શીતલ શિલા પર ધ્યાનમગ્ન એક દિગંબર મુનિરાજ દેખાણા. તે સમયે સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. હવામાન ખૂબ જ ઠંડું હતું, પશુ-પક્ષી ઠંડીના કારણે કાંપી રહ્યા હતા. મુનિરાજને જોઈને ગોવાળિયાને વિચાર આવ્યો કે આ નગ્ન મુનિરાજ આવી ઠંડીમાં રાત કેવી રીતે જીવતા રહેશે ? આમ વિચારીને તેણે મુનિરાજની ચારે બાજુ લાકડી ગોઠવીને સળગાવીને તેમની શીતબાધાને દૂર કરી. પોતે પણ ભક્તિભાવથી આખી રાત તેમની સમીપમાં જ બેઠો રહ્યો.



આ તો મુનિરાજ ઉપર ઉપસર્ગ હતો, પણ અજ્ઞાની ગોવાળિયાને ક્યાં ખબર હતી કે મેં કોઈ અપરાધ કર્યો છે. તેના હૃદયમાં તો મુનિરાજ પ્રત્યે અત્યંત ભક્તિના પરિણામ હતા, તેથી તે ભોળા ગોવાળે પુણ્ય જ બાંધ્યું, કારણ કે તેને કપટના પરિણામ ન હતા અને ફળ તો અભિપ્રાયનું બંધાય છે.

સવાર પડતા જ મુનિરાજે તે આસન્નભવ્ય ગોવાળ ઉપર દૃષ્ટિ કરી. ગોવાળ મુનિરાજની દૃષ્ટિમાત્રથી કૃતકૃત્ય થઈ ભાવવિભોર થઈ ગયો. મુનિરાજે તેને પાત્ર અનુકૂળ દરેક કાર્યમાં ''ણમો અરિહંતાણં'' આ મંત્ર વાક્યનો જાપ કરવાનું કહ્યું અને પોતે આકાશમાર્ગે વિહાર કરી ગયા. ગોવાળને તે મંત્ર ઉપર અત્યંત શ્રદ્ધા થઈ ગઈ. અંતમાં મરણસમયે તે મંત્રોચ્ચાર કરતો થકો આ નિદાનપૂર્વક મર્યો કે આગલા ભવમાં ''આ શેઠને ત્યાં પુત્રરૂપે જન્મ પામું.'' તે અનુસાર થોડા સમય માટે કરેલી મુનિરાજની સત્સંગતિના ફળરૂપે ગોવાળનું સમસ્ત પરિણમન ચક્ર બદલાઈ ગયું.

**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**

(૨)

''સત્પુરુષના વચન સાંભળવા દુર્લભ છે, વિચારવા દુર્લભ છે, તેના ઉપર શ્રદ્ધા કરવી દુર્લભ છે, તો અનુભવવું દુર્લભ હોય તેમાં શું આશ્ચર્ય ! સત્સંગની એક ઘડી જે લાભ આપી શકે છે, તે કુસંગના કરોડો વર્ષ પણ આપી શકતા નથી. સત્સંગ વગર સંપૂર્ણ જગત પાપમાં ડૂબી રહ્યું છે. આત્મા પર જે સત્યનો રંગ ચડાવે, તે જ વાસ્તવિક સત્સંગ છે. સત્સંગ આત્માનો પરમ-હિતૈષી ઔષધિ છે.''

થોડા સમય પછી જિનમતીને ત્યાં કામદેવની સુંદરતાને લજ્જા પમાડે તેવો મહારૂપવાન અને ગુણવાન પુત્ર ઉત્પન્ન થયો. અને તેનું નામ ગુણાનુરૂપ સુદર્શન રાખવામાં આવ્યું. તે પુરોહિત પુત્ર કપિલની સાથે ઉત્તરોત્તર રૂપ અને ગુણોમાં વૃદ્ધિ પામવા લાગ્યો. ધીરે-ધીરે તેના રૂપ અને સૌંદર્યની ચર્ચા સર્વત્ર ફેલાઈ ગઈ.

યુવાન થતાં શેઠ વૃષભદાસે પોતાના પુત્ર સુદર્શનના લગ્ન એક અપ્સરા સમાન રૂપવાન અને ગુણવાન કન્યા મનોરમા સાથે કર્યા. સમય વીતતા સુદર્શનને એક સુકાંત નામનો પુત્ર થયો. તે પણ રૂપ-સૌંદર્યમાં અતુલ હતો. સુદર્શને ધીમે-ધીમે તેને ધર્મ અને વિદ્યામાં સુશિક્ષિત કર્યો.

શીલવાન સુદર્શનનું જીવન જ્ઞાન અને વૈરાગ્યથી ભીંજાયેલું હતું. અન્ય માતા-બહેનોને જોઈ તેના નેત્ર ઝુકી જાતા હતા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં તેનું જીવન કમળ સમાન જળથી અલિપ્ત હતું. ધ્યાન, સ્વાધ્યાય અને આરાધના જ તેનો વેપાર હતો. તે પોતાની અંતરંગ લક્ષ્મીથી અજાચક લક્ષપતિ હતા. સુંદર શરીર અને અખુટ જડ વૈભવનો સંયોગ તો તેમને તૃણ સમાન ભાસીત થતું હતું.

યુવાવસ્થામાં તેમનું રૂપ-સૌંદર્ય દેવતુલ્ય નિખરી રહ્યું હતું અને તે કામિનીઓના ચિત્તને લોભાવતું હતું. કપિલ બ્રાહ્મણની પત્નિ કપિલાનું હૃદય પણ સુદર્શનના રૂપ-સૌંદર્ય ઉપર આસક્ત થઈ ગયું. 'વાસનાની આગ' તેના હૃદયને બાળવા લાગી. તે અનુકૂળ અવસરની જ પ્રતિક્ષા કરી રહી હતી.

એક દિવસ કપિલ બ્રાહ્મણ કોઈ કારણવશ બહારગામ ગયો હતો. તે સમયે સુદર્શન કપિલાના ઘરની પાસેથી ક્યાંક જઈ રહ્યા હતા. કપિલાએ તેમને જોઈને છળથી મિત્ર બિમાર છે એ બહાને દાસી દ્વારા ઘરે બોલાવી લીધા. મિત્રને મળવાને માટે તેને એકાંત રૂમમાં લઈ ગઈ. સુદર્શન તેના કપટને ઓળખી શક્યા નહીં, કારણ કે—''તે સ્ત્રીના વચનમાં અમૃત અને હૃદયમાં હળાહળ વિષ ભર્યું હતું. તેના ઉપર વિશ્વાસ કરવો—વાઘ, વિષ, ચોર, સર્પ અને શત્રુ ઉપર વિશ્વાસ કરવા જેવું ભયાનક હતું.''

**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**

જ્યારે તે પોતાના હાવ-ભાવથી સુદર્શનને લોભાવવાની કોશિષ કરવા લાગી તો સુદર્શન ધ્રુજીને ડરીને કહેવા લાગ્યા–

“દેવી ! હું દેખાવમાં જ સુંદર દેખાઉં છું, પણ પુરુષાર્થથી રહિત (નપુંસક) છું. તમે જે દેહની ચામડીને જોઈને મોહિત થઈ રહ્યા છો, તે તો વિષ્ટાના ઘડા પર ચડેલા સ્વર્ણના વરખ સમાન ઘૃણાસ્પદ છે. તેના રોમ રોમમાં મહાદુર્ગંધમય અશુચિ મળ-મૂત્ર ભરેલા છે. તે કાચા ઘડા સમાન વિનાશને યોગ્ય છે તથા અનેક રોગોનું ઘર છે. મળ-મૂત્રની ખાણ–એવી અપવિત્ર દેહ તો વૈરાગ્યનું નિમિત્ત છે તેના ઉપર રાગ કરવો વ્યર્થ છે.” આ પ્રમાણે સુદર્શનની વાત સાંભળીને કપિલાએ નિરાશ થઈને તેમને છોડી દીધા.

“અહો ! આ સંસારમાં પગ મૂકવો જ પાપ છે, પણ આ દેહ ઉપર મોહિત થઈને પ્રાણી સંસારમાં અનંત દેહને ધારણ કરતો થકો પરિભ્રમણ કરે છે. દેહનો અનુરાગ જ દેહને ધારણ કરવાનું કારણ છે. ધન્ય છે તે,જે દેહ હોવા છતાં દેહથી વિરક્ત છે.” આ પ્રમાણે મોહની દશાનો વિચાર કરતા થકા સુદર્શન પોતાના ઘરે પાછા આવી ગયા.

“કુટુંબરૂપી કાજળની કોટડીમાં રહેવાથી મોહની કાલિમાથી દુઃખદાયી સંસાર વૃદ્ધિને જ પામે છે. ભલે ગમે તેટલો તેમાં સુધારો કરો, તો પણ સ્વરૂપની સાધનાપૂર્વક સ્વાવલંબન સહિત એકાંતવાસથી જેટલો સંસારનો ક્ષય થવાવાળો છે, તેનો સોમો ભાગ પણ કાજળની કોટડીમાં થવાનો નથી. તે કષાયનું નિમિત્ત છે, મોહને રહેવાનું અનાદિકાળનો પર્વત છે. જિંદગી નાની છે જંજાળ લાંબી છે.”

–આ પ્રમાણે વિચાર કરતાં-કરતાં સેઠ સુદર્શને પ્રતિજ્ઞા કરી કે આઠમ ને ચૌદશના ઉપવાસના દિવસે શ્મશાનના એકાંત સ્થાનમાં જઈને આત્મસાધના કરીશ. તેથી હવે તેઓ દરેક પર્વના દિવસે પ્રતિમાયોગથી નિશ્ચલ આત્મધ્યાન કરીને આ નિયમનું દ્રઢતાથી પાલન કરવા લાગ્યા.

સંસારનું સ્વરૂપ તો તેમને નિરતર ‘કારાગાર’ જેવું લાગતું અને તેમનું મન પીંજરાના પંછીની જેમ નિરંતર છૂટવા માટે તરફડતું. તે સદા એમ જ વિચાર કરતા હતા કે–

“જેની મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા મૃત્યુથી ભાગીને છૂટી સકતા હોય અથવા ‘હું મરીશ નહીં’–જેમને એવો નિશ્ચય હોય તે ભલે સુખથી સુવે.” પણ આ સંસારમાં તો આ સંભવ નથી, એમ વિચાર કરી તે હંમેશા પોતાની આત્મસાધનારૂપી કાર્યમાં જાગૃત રહેતા.

(ક્રમશઃ) ❊

આ હેતુભૂત જ્યાં થાય ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* દાહોદ નિવાસી પ્રકાશભાઈ બાબુલાલ સરાફનું તા. ૨૬-૯-૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ-સોનગઢના મુમુક્ષુ શ્રી પ્રવીણભાઈ એમ. ડુંગર (ઉ.વ. ૮૨)નું તા. ૨૭-૯-૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી શ્રીમતી ભાગવતીબેન જૈન (—તેઓ જ્ઞાયક શાસ્ત્રીના દાદી) (ઉ.વ. ૮૯)નું તા. ૨૯-૯-૨૦૨૨ના રોજ સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.
* સલાલ નિવાસી (હાલ સોનગઢ) આત્માર્થી શ્રી રમેશચંદ્ર કાંતિલાલ મહેતા (ઉ.વ. ૭૦)નું તા. ૫-૧૦-૨૦૨૨ના રોજ અમદાવાદ મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓ સોનગઢમાં છેલ્લા ૧૭ વર્ષથી રહેતા હતા. ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતાં માસિક—હિન્દી આત્મધર્મના સંપાદક તરીકે સેવા આપી હતી. સંસ્થા દ્વારા પ્રકાશિત થતાં શાસ્ત્રોના પ્રૂફ રીડિંગમાં, મુખપૃષ્ઠને આકર્ષક બનાવવામાં, સોનગઢમાં ધાર્મિક ક્લાસ લેવામાં, વિધાન તથા પૂજા કરાવવામાં, સાંસ્કૃતિક કાર્યક્રમો કરાવવામાં તથા પંચકલ્યાણક પ્રસંગે સહપ્રતિષ્ઠાચાર્ય તરીકે એમ વિધવિધ સેવાઓ આપી હતી.
* દાદર-દેવલાલી-સોનગઢના મુમુક્ષુ સ્વ. અનિલભાઈ મલુકચંદ કામદારના ધર્મપત્ની શ્રીમતી લાભુબેન (ઉ.વ. ૮૭)નું તા. ૮-૧૦-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* પાર્લા-મલાડ-સોનગઢના મુમુક્ષુ શ્રી મનુભાઈ પુરુષોત્તમદાસ કામદાર (ઉ.વ. ૮૭) તા. ૧૩-૧૦-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ મલાડ મંદિરના ટ્રસ્ટી હતા.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

મારું આયુષ્ય ઘણું લાંબું છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતા કરતા આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. *(શ્રી પદ્મનંદી પંચવિંશતિ, અધિ-૧, શ્લોક ૧૭૦)*

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**

**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

# બાવીસમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૨૨ થી ૩૦-૧૨-૨૦૨૨)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારોનું સિંચન આપણી ભાવી પેઢીમાં પણ થાય તે અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા એકવીસ વર્ષોથી બાળ સંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણીમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં બાવીસમી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરની બધી જ માહિતી **Songadh Bal Shibir** નામની એપ ડાઉનલોડ કરવાથી વિગત જાણવા મળી જશે. આ શિબિરના મુખ્ય સૌજન્યનો લાભ મુમુક્ષુ મંડળ ઑફ ગ્રાંડ રેપીડસ **USA** (૨) રાજુલ શાહ, ફ્લોરીડા **USA** તથા સહ સૌજન્યનો લાભ (૧) એક મુમુક્ષુભાઈ (૨) પ્રેરક ગુરુકુલમ (**H.M. Class Malad**) (૩) ડૉ. શારદાબેન નિરંજભાઈ જોબાલિયાએ લીધેલ છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા

પ્રમુખ

ના જય જિનેન્દ્ર

## (૧૧૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

ભગવાન મહાવીરનો નિર્વાણકલ્યાણક મહોત્સવ હોવાથી બધા જ
પ્રશ્નોના જવાબ **મ** બારાખડીથી શરૂ થશે

(૧) સુમતિનાથ ભગવાનના પિતાનું નામ .................. હતું.

(૨) ભરત ચક્રવર્તીના પુત્ર મારિચીના દાદીનું નામ .................... હતું.

(૩) મલ્લિનાથ ભગવાનનું જન્મસ્થાન .............. નગરી હતું.

(૪) વાસુપૂજ્ય ભગવાને દીક્ષા લીધી તે વનનું નામ .................. હતું.

(૫) સુપાર્શ્વનાથ મુનિરાજનો પ્રથમ આહાર ....................રાજાને ત્યાં થયો હતો.

(૬) વિમલનાથ ભગવાનના ગણધરનું નામ ............... હતું.

(૭) મુનિસુવ્રતનાથ ભગવાનના ગણધરનું નામ ..................... હતું.

(૮) નમિનાથ ભગવાન સમ્મેદશિખરની ................... કૂટ થી મોક્ષ પધાર્યા.

(૯) ધર્મનાથ ભગવાનના કાળમાં ત્રીજા ................ ચક્રવર્તી થયા હતા.

(૧૦) પાંચમા પ્રતિનારાયણ ............. ધર્મનાથ ભગવાનના કાળમાં થયા હતા.

(૧૧) વૈશાખ સુદ દસમના ................ ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

(૧૨) વાસુપૂજ્ય ભગવાનના સમયમાં બીજા નંબરના ............. નામના નારદ થયા હતા.

(૧૩) ............... નામના છઠ્ઠા નંબરના નારદ અરહનાથ ભગવાનના સમયમાં થયા હતા.

(૧૪) ................ નામના ૧૧મા કામદેવ શ્રેયાંસનાથ ભગવાનના સમયમાં થયા હતા.

(૧૫) વિદેહક્ષેત્રના ૧૮મા તીર્થંકરનું નામ ................ છે.

(૧૬) .............. ભગવાનને દીક્ષા લીધા પછી છઠ્ઠે દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

(૧૭) આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર .............. ભગવાન થશે.

(૧૮) આદિનાથ ભગવાન ............... ચૌદશના દિવસે કૈલાસ પર્વતથી મોક્ષે ગયા હતા.

(૧૯) ચંદ્રપ્રભુ ભગવાનના પિતાનું નામ ................. હતું.

(૨૦) કાર્તિક અમાવસ્યાના પવિત્ર દિને ............ ભગવાનને મોક્ષની પ્રાપ્તિ થઈ હતી.

## (૧૧૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ વાક્યોને આધારે ૨૪ તીર્થંકરોના નામ ઓળખાવો)

(૧) વ્યક્તિ સંસારમાં ઈચ્છે છે ................
(૨) પરીક્ષામાં પાસ થયા પછી આપવામાં આવે છે ................
(૩) જેનો અંત ન હોય તે ................
(૪) જેમનાં પાંચ કલ્યાણક એક જગ્યા પર થયા હોય અને જે જગ્યાનું નામ એક ફૂલ પરથી હોય ................
(૫) જેમણે આહારદાનની પરંપરા શરૂ કરી ................
(૬) સૂર્યના ઉદય સાથે જે ફૂલ ખિલે તે ................
(૭) એક પ્રસિદ્ધ કપડાની મિલનું નામ ................
(૮) સૌથી ઓછા સમયમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ ................
(૯) ગરમીમાં જેની જરૂર પડે ................
(૧૦) જેને જીતી ન શકાય તે ................
(૧૧) બુદ્ધિમાનમાં જે શ્રેષ્ઠ હોય તે ................
(૧૨) જેના સંસર્ગથી લોઢું પણ સોનું બની જાય ................
(૧૩) મહિનામાં જે ધીરે ધીરે ઘટે છે અને ધીરે ધીરે વધે છે ................
(૧૪) દરેક પ્રાણીએ દરેક સ્થિતિમાં જે કાર્ય હંમેશા કરતા રહેવું જોઈએ................
(૧૫) ફૂલોની પંક્તિને કહે છે ................
(૧૬) જે કોઈપણ કાર્ય કરવામાં અસમર્થ ન હોય ................
(૧૭) યુદ્ધમાં શ્રેષ્ઠ યોદ્ધાને કહે છે ................
(૧૮) ત્રણ પદના ધારી અંતિમ તીર્થંકર ................
(૧૯) એક નારાયણ જેમના પિતરાઈ ભાઈ છે. ................
(૨૦) જેના શાસનકાળમાં મર્યાદા પુરુષોત્તમ રામનો મોક્ષ થયો ................
(૨૧) જેના ચિહ્નથી મંગલ ધાર્મિક કાર્ય શરૂ થાય છે ................
(૨૨) જેમણે અસી, મસી, કૃષિ વિદ્યાનું જ્ઞાન કરાવ્યું ................
(૨૩) છઠ્ઠા ચક્રવર્તીના ચાર કલ્યાણક હસ્તિનાપુરમાં થયા ................
(૨૪) ચોવીસમાંથી જે તીર્થંકર બાકી રહ્યા હોય તે ................

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ઓક્ટોબર– ૨૦૨૨ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ૧૯૭૭ | (૮) સરખી | (૧૫) ઔદયિક |
| (૨) ૧૯૯૩ | (૯) ૨૬ | (૧૬) કાર્મણ |
| (૩) વઢવાણ | (૧૦) ૪ | (૧૭) પરોક્ષ |
| (૪) ૧૯૯૪ | (૧૧) સરખી | (૧૮) મતિશ્રુત |
| (૫) પ્રવચનસાર | (૧૨) સાચુ, યથાર્થ | (૧૯) મોક્ષ |
| (૬) ૧૭૨ | (૧૩) અકિંચિત્કર | (૨૦) ઔપશમ |
| (૭) વિપરીત | (૧૪) ૧૨-૧૩ | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૨૨ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) જિનસારખી | (૮) રત્નત્રય | (૧૫) મિથ્યાત્વ |
| (૨) સર્વજ્ઞદેવ | (૯) સિદ્ધ | (૧૬) નિર્જરા |
| (૩) અનેકાંત | (૧૦) આત્મા | (૧૭) સરખું |
| (૪) જ્ઞાન–રાગ | (૧૧) સિદ્ધપદ | (૧૮) મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન મિથ્યાચારિત્ર |
| (૫) જ્ઞાન સ્વરૂપ | (૧૨) આત્મ | (૧૯) દર્શન-જ્ઞાન-ચારિત્ર |
| (૬) વીતરાગ વિજ્ઞાન | (૧૩) ૧૮ | (૨૦) આકુળતા |
| (૭) જ્ઞાયક | (૧૪) મોક્ષ | |

### ❃ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❃

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૧૧-૧૧-૨૦૨૨, શુક્રવારથી કારતક વદ ૭ તા. ૧૫-૧૧-૨૦૨૨, મંગળવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને છોડે છે એટલે કે નિમિત્તભૂત દ્રવ્યનું લક્ષ છોડે ત્યારે તેના લક્ષે થતાં વિકારીભાવને પણ લક્ષમાંથી છોડે છે. જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે ને પચખે છે ત્યારે નૈમિત્તિકભાવને—વિકારને પ્રતિક્રમે છે ને પચખે છે તેનું નામ ધર્મ છે. ૫૩૬.

● પ્રશ્ન :—અમે આખો દિવસ સવારથી સાંજ સુધી પરના કાર્ય કરીએ છીએ અને ન કરવું તેમ આપ કહો છો ?

ઉત્તર :—પરનું ન કરવું એમ નહિ, પણ પરનું કાર્ય કરી શકતો જ નથી. ન કરવું એમ નહિ પણ અહીં તો આત્મા શરીરાદિ પરદ્રવ્યનું કાર્ય કિંચિત્ માત્ર પણ કરી શકતો જ નથી. પરનું કાર્ય કરવાની એનામાં શક્તિ જ નથી છતાં પણ હું આખો દિવસ પરના કાર્ય કરું છું તેમ માનવું એ જ મિથ્યાત્વનું મોટું પાપ છે. ૫૩૭.

● આત્મલક્ષ્મી તે જ સાચી લક્ષ્મી છે અને તે જ શાહૂકાર છે. જડની લક્ષ્મીવાળો તો પરને પોતાનું માનતો હોવાથી ચોર છે. આત્મલક્ષ્મીનો મહિમા આવે તેને બીજા બધાનો મહિમા ઉડી જાય. ૫૩૮.

● એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્યધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિ ને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ચાર ભવ જ હોય, વધુ હોય નહિ—એમ શાસ્ત્રમાં આવે છે. કેમકે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મન:પર્યયજ્ઞાની નથી. આશ્ચર્યના કારણો ઈન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે એથી એને ભવ વધુ હોય નહિ. ૫૩૯.

● પ્રશ્ન :—અંદરમાં ઉતરવા માટે રુચિની જરૂર છે કે બીજી કોઈ ભૂલ છે ?

ઉત્તર :—અંદરમાં ઉતરવા માટે સાચી રુચિની જરૂર છે પણ એ રુચિ માટે બીજો ન કહી શકે, પોતાથી નક્કી થવું જોઈએ. સાચી રુચિ થાય તો આગળ વધતો જાય અને પોતાનું કામ કરી લ્યે છે. ૫૪૦.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૨૨
અંક-૩ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-11-2022
Posted on 1-11-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org